


પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૫-૦૬-૨૦૨૫- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# અફઘાન સહિત ૧૨ દેશોના નાગરિકોને અમેરિકામાં પ્રવેશબંધી

## હાર્વર્ડમાં નવા વિદેશી વિદ્યાર્થીઓની વિઝા પ્રક્રિયા સસ્પેન્ડ કરાઈ :પ્રતિબંધિત દેશોની યાદી વ્હાઈટ હાઉસે જાહેર કરી



**નવી દિલ્હી, તા. ૫**

અમેરિકામાં એક તરફ ગેરકાનુની રીતે રહેલા ઈમીગ્રાન્ટ અને કાનૂનના ભંગ બહાના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને દેશ બહાર તગડી રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે અફઘાનીસ્તાન સહિત ૧૨ દેશોના નાગરિકોને અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો છે.

વ્હાઈટ હાઉસ એ જાહેર કરેલી એક યાદીમાં દરેક ૧૨ દેશોને પ્રતિબંધ માટેના અલગ અલગ નિયમો કાનૂનોનો સહારો લેવાયો તથા કાલ દેશોના કેટલા નાગરિકો વિમા મુદત પુરી થયા બાદ પણ અમેરિકામાં વસી ગયા છે અથવા વિલંબથી ગયા છે તે આંકડા પણ આપ્યા હતા.

આ દેશોમાં અફઘાનીસ્તાન ઉપરાંત મ્યાનમાર, ચાંદુ (આફ્રિકન દેશ) રીપબ્લીકન ઓફ કોંગો ઈકવાટોરીયા ગુએના, ઈરિટ્રીયા, હૈતી, લીબીયા, સોનાલીયા, સુદાન, યમન, બરાંડી, કયુબા, લાઓસ, સીરીયાલીઓન, ટોંગો, તુર્કમેનીસ્તાન તથા વેનેઝુએલાનો સમાવેશ થાય છે.

અમેરિકી તંત્રએ આ તમામ દેશના નાગરિકોના વિસા પણ તાત્કાલીક અસરથી રદ કર્યા છે. જેઓ હાલ અમેરિકામાં છે તેઓએ પણ તાત્કાલીક પરત જવું પડશે. અફઘાનીસ્તાન જેમાં અમેરિકા ૨૦ વર્ષથી વધુ સમયથી તેના સૈન્યને આ દેશમાં રાખ્યુ હતુ તેના નાગરિકોને જેઓ અગાઉ અમેરિકી યોજના મુજબ જ વસાવાયા હતા તેઓને પણ હવે અફઘાનીસ્તાન પરત જવું પડશે.ટ્રમ્પ શાસને દાવો કર્યો કે અફઘાનીસ્તાન જે તાલીબાન શાસન હેઠળ છે ત્યાં પાસપોર્ટ જારી કરવા કે પછી નાગરિક દસ્તાવેજોને પ્રભાવિત કરવા માટે કોઈ માન્ય એજન્સી નથી. અન્ય દેશોના નાગરિકો કેટલો સમય અમેરિકામાં વિસા મુદત બાદ પણ પરત ગયા ન હતા તે સહિતના કારણો આપવામાં આવ્યા છે.

ટ્રમ્પે આ ઉપરાંત તેના ટાર્ગેટમાં રહેલી હાર્વર્ડ યુનિ.માં નવા વિદેશી વિદ્યાર્થીઓ માટેના વિસા પ્રક્રિયા સસ્પેન્ડ કરી છે. અગાઉથી જ આ ખ્યાતનામ યુનિ. ટ્રમ્પ શાસનના ટાર્ગેટ પર છે.

હવે વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, સલામતના કારણોસર હાલ હાર્વર્ડ માટે કોઈ વિદેશી વિદ્યાર્થીઓના વિસા મંજુર કરાશે નહી. આમ આ યુનિને બીજો મોટો ફટકો માર્યો છે.

# જુલાઈ સુધી ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસુ સક્રિય થશે નહીં

### ચોમાસા અંગે યુરોપિયન હવામાન એજન્સીનું ચોંકાવનારૂ અનુમાન

મુંબઈ, તા. ૫

ભારતનાં કેરળથી મહારાષ્ટ્ર સુધીનાં ભાગોમાં નૈઋત્ય ચોમાસાનાં વહેલા આગમનથી સર્જાયેલી ખુશી દબાઈ ગઈ હોય તેમ કેટલાંક દિવસોથી સીસ્ટમ સ્થગીત છે તેવા સમયે યુરોપની હવામાન એજન્સીએ સિસ્ટમ જુલાઈ મહિના સુધી સક્રિય ન થાય તેવી સંભાવના છે.યુરોપીયન સેન્ટર ફોર મીડીયમ ફોર્મ ફોરકાસ્ટ વેધરના રીપોર્ટમાં જણાવ્યુ છે કે, ભારતના બાકીનાં ભાગોમાં જુલાઈ પુર્વે ચોમાસું સક્રિય ન થાય તેવુ બની શકે છે. જોકે સૌથી વધુ વરસાદ ધરાવતા જુલાઈના પ્રથમ બે સપ્તાહમાં ચોમાસુ પૂર્ણ રીતે સક્રિય થઈ શકે છે.બંગાળની ખાડીમાં તામીલનાડુ તથા આંધ્રપ્રદેશના દરીયાકાંઠે સરકયુલેશન સર્જાશે અને તેની સારી મદદ મળશે. ભારતમાં ચોમાસુ હાલ મુંબઈની નજીક સ્થગીત થયાની દશામાં હોવાનું ઉલ્લેખનીય છે.ભારતીય હવામાન વિભાગે જોકે ચાલુ જુન મહિનામાં જ ચોમાસું ફરી સક્રિય થઈને આગળ વધવાની આગાહી કરી છે. ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, વિદર્ભ તથા આંધ્રપ્રદેશનાં દરીયાકાંઠા તરફના વેસ્ટર્ન ડીસ્ટર્બન્સથી સાનુકુળ સ્થિતિ સર્જાશે કેરળ, કર્ણાટક, રાયલસીમા, તેલંગાણા, ઓડીશા, છતીસગઢ, વિદર્ભમાં વરસાદી વ્યાપ વધી શકશે.

જોકે ૧૬ થી ૨૩ જુનમાં દક્ષિણનાં ભાગોમાં ચોમાસું ફરી અટકી શકે છે. ગોવા, કોંકણ, ગુજરાત તથા પશ્ર્ચિમ રાજસ્થાનમાં

અનુસંધાન પાના ૭ પર

# ચીનમાં ક્રિપ્ટો કરન્સી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવાયો

### ચીનમાં હવે ક્રિપ્ટો કરન્સી રાખવી દંડનીય અપરાધ ગણાશે

બીજીંગ, તા. ૫

ચીને ક્રિપ્ટો કરન્સીએ પુરી રીતે પ્રતિબંધ લાદી દીધો છે. ચીનમાં હવે ક્રિપ્ટો કરન્સી રાખવી, ક્રિપ્ટોથી લેવડ-દેવડ કરવી ગેરકાનુની જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બધા ક્રિપ્ટો વોલેટ પણ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે.આ રીતે માત્ર કેટલાંક દિવસ પહેલા સુધીમાં દુનિયાનાં સૌથી વાઈબ્રન્ટ ક્રિપ્ટો માર્કેટ અચાનક ખતમ થઈ ગયુ છે. અને ક્રિપ્ટો પર બાન માટે ક્રાઈમ કન્ટ્રોલ અને આર્થિક સ્થિરતાનું કારણ બતાવ્યુ છે. જયારે ચીન દુનિયામાં બિટ કોઈનનુ બીજુ સૌથી મોટુ હોલ્ડર છે.ક્રિપ્ટો બજારનાં જાણકારોનું કહેવુ છે કે, ડ્રેગન કયારેય સીધી ચાલ નથી ચાલતો તેના દરેક પગલા પાછળ કોઈ મતલબ હોય છે. પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાનાં હાલનાં આદેશ મુજબ ચીનમાં હવે કોઈપણ વ્યકિતએ ક્રિપ્ટો કરન્સી રાખવા દંડનીય અપરાધ છે.

અનુસંધાન પાના ૭ પર

# બેંગલુરુ દુર્ઘટનાની કર્ણાટક હાઈકોર્ટ સુઓમોટો નોંધ લીધી

### દુર્ઘટના માટે જવાબદાર મુખ્યમંત્રીનું ભાજપે રાજીનામું માંગ્યું

બેંગ્લોર, તા. ૫

પહેલીવાર IPL ચેમ્પિયન બનેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની ઉજવણી બુધવારે એક મોટી દુર્ઘટનામાં ફેરવાઈ ગઈ. વિજેતા ખેલાડીઓના સ્વાગત માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચતાં ૧૧ લોકોના મોત થયા. ૩૩ લોકો ઘાયલ થયા.

સામાજિક કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણાએ આ અંગે ક્યુબન પાર્ક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર અને ક્રિકેટ બોર્ડના અધિકારીઓ પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે IPCની કલમ ૧૦૬ હેઠળ કેસ નોંધવાની પણ માગ કરી છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પડી ગયેલો વ્યક્તિ ઊઠી ન શક્યો. ભીડને કારણે એમ્બ્યુલન્સ પણ મોડી પહોંચી. લોકો રસ્તા પર જ ઘાયલોને CPR આપતા રહ્યા. ABM મેડિકલ કોલેજના એક ડૉક્ટરે જણાવ્યું કે મૃતકોમાં મોટાભાગના યુવાનો છે. આમાં ૫ મહિલાઓ અને ૬ પુરુષો છે. બધાની ઉંમર ૧૩ થી ૩૩ વર્ષની વચ્ચે છે. માથા, કરોડરજ્જુ અને પેટમાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું મૃત્યુ થયું.

ઘટના બાદ સાંજે એક પત્રકાર પરિષદને સંબોધતા CM સિદ્ધારમૈયાએ કહ્યું, "હું આ ઘટનાનો બચાવ નથી કરી રહ્યો, પરંતુ દેશમાં પહેલા પણ ઘણા મોટા અકસ્માતો થયા છે, જેમ કે

અનુસંધાન પાના ૭ પર

### કાશ્મીરના કુલગામમાં વાદળ ફાટતા પુર : એક મહિલાનું મોત

**નવી દિલ્હી, તા. ૫**

ભારતમાં ચોમાસું આગળ વધતુ અટકી ગયુ છે અને થોડા દિવસો હજુ સ્થગીત જ રહે તેમ છ તેવા સમયે કાશ્મીર તથા ઉતરાખંડ જેવા ભાગોમાં હવામાન પલ્ટા સાથે ભારે વરસાદ તથા હિમવર્ષા થઈ હતી.કાશ્મીરનાં કુલગામમાં વાદળ ફાટતા મુશળધાર વરસાદ થયો હતો અને પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેમાં તણાઈ જતા એક મહિલાનું મોત નીપજયુ હતું. આસપાસના ભાગોમાં પણ હળવા વરસાદથી ગરમીમાંથી રાહત મળી હતી.બીજી તરફ ઉતરાખંડમાં પણ અનેક ભાગોમાં વરસાદ તથા હિમવર્ષાનો દોર જારી રહ્યો હતો. સતત બીજા દિવસે હેમકુંડ સાહીબ, બદરીનાથ, કેદારનાથ, આદિ કૈલાશ, પંચામુલી, હંસાલીંગ, રાજરંભા સહીતના પર્વતીય ભાગોમાં હિમવર્ષા થઈ હતી.દહેરાદુન તથા આસપાસના ભાગોમાં વરસાદ થયો હતો. હવામાન પલટાને પગલે જુદા જુદા ભાગોમાં તાપમાન ૮ ડીગ્રી નીચે આવી ગયુ હતું.

# મધ્ય પ્રદેશ, રાજસ્થાન સહિતના ૨૫ રાજ્યોમાં વરસાદનું એલર્ટ

### ઉત્તર-પૂર્વના ૭ રાજ્યોમાં ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી, તા. ૫

દેશના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. બુધવારે આસામમાં પૂરમાં વધુ બે લોકોના મોત થયા. આ સાથે, ૨૪ મેના રોજ ચોમાસાના આગમન પછી રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૧ જિલ્લાઓમાં ૬.૮ લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.અરુણાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૨ લોકો ગુમ છે. તેમને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે. છેલ્લા ૧૧ દિવસમાં પૂર્વોત્તર રાજ્યોમાં કુલ ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમાં આસામમાં ૧૯, અરુણાચલ પ્રદેશમાં ૧૨, મેઘાલય અને મિઝોરમમાં ૬-૬, સિક્કિમમાં ૩, ત્રિપુરામાં ૨ અને નાગાલેન્ડમાં ૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.અહીં, ચોમાસું હજુ પણ મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર અટવાયું છે. તે ૧૦ જૂન સુધીમાં મધ્યપ્રદેશ પહોંચશે, જોકે રાજ્યમાં વરસાદની

અનુસંધાન પાના ૭ પર












## આજે તા.૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'

# દેશનું પ્લાસ્ટિક રિસાઈક્લિંગ મોડેલ એટલે સુરત

### જનભાગીદારીથી પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનના 5R સિદ્ધાંતને અનુસરતું સુરત શહેર સમગ્ર દેશમાં પ્રથમ

સુરત, તા.૫

'દરેક માણસ પ્રકૃતિને માતા સમાન માનતો હોય, દરેક ઘર આગળ એક વૃક્ષ હોય, દરેક બાળક કાપડની થેલીમાં ઈકોફ્રેન્ડલી લંચબોક્સ અને પાણીની બોટલ રાખતો હોય, હવા શુદ્ધ હોય, પ્રાણી-પક્ષીઓ, જંગલો, નદીઓ, પહાડો પ્રકૃતિના આનંદથી મહેંકતા હોય' આવી કલ્પના ત્યારે જ વાસ્તવિકતા બને જ્યારે પર્યાવરણનું રક્ષણ આપણો સ્વભાવ, જીવનધારા, સંસ્કૃતિ અને ઉત્સવ બને. લોકો જાહેરમાં કચરો ન નાખે, પણ રિસાયકલ પોઈન્ટ પર મૂકે. પ્લાસ્ટિકની જગ્યાએ માટીના વાસણ, કાપડની થેલી અને ઈકોફ્રેન્ડલી ચીજોનો ઉપયોગ વધે.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ની ઉજવણી 'વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદુષણનો અંત'ની થીમ હેઠળ કરવામાં આવી રહી છે. વિશ્વ આજે પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક કચરાના નિયંત્રણની તાતી જરૂરિયાત અનુભવી રહ્યો છે. પ્લાસ્ટિક કચરાના સુવ્યવસ્થાપનથી સુરત શહેર પ્લાસ્ટિકમુક્ત શહેર બની રહ્યું છે. જનભાગીદારીથી પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનના ૫ઈ સિદ્ધાંતને અનુસરતું સુરત સમગ્ર દેશમાં પ્રથમ શહેર છે. ૫ઈ એટલે રિફ્યુઝ, રિડ્યુસ, રિપેર, રિસાયકલ અને રિયુઝના સિધ્ધાંતને અનુસરી શહેરે પર્યાવરણ સંરક્ષણની દિશામાં ગતિને વધુ તેજ કરી છે. પ્લાસ્ટિક એ ઘરની ચીજવસ્તુઓથી લઈને ઔદ્યોગિક ઉત્પાદનોમાં વપરાય છે. પ્લાસ્ટિકને કચરામાં ફેંકવામાં આવે ત્યારે તેના વિઘટનમાં ૪૦૦થી ૧૦૦૦ વર્ષ જેટલો સમય લાગે છે. જીવસૃષ્ટિને ગંભીર નુકસાન પહોંચાડતા પ્લાસ્ટિકના નિકાલ માટે રિસાયકલિંગ એક અનિવાર્ય ઉપાય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજિત ૨૨૫થી વધુ મેટ્રિક ટન પ્લાસ્ટિકને રિસાઈકલિંગ અને રિયુઝ કરી અડાજણ, પીપલોદ, વરાછા, ઉધના, કતારગામ સહિતની ૨૯ સ્થળોએ કુલ ૩૮ કિલોમીટરના રોડ બનાવાયા છે. છેલ્લા આઠ વર્ષમાં સુરત મનપાએ અંદાજિત છ લાખ મેટ્રિક ટન પ્લાસ્ટિકને રિસાઈકલ કરીને રોડ બનાવવામાં ઉપયોગ કર્યો છે. સુરત મનપાના ડ્રેનેજ અને સોલિડ વેસ્ટ

અનુસંધાન પાના ૭ પર



### પ્લાસ્ટિક રિસાયકલ શું છે?

પ્લાસ્ટિક રિસાયકલ એ એવી પ્રક્રિયા છે જેમાં વપરાયેલા અથવા ફેંકી દીધેલા પ્લાસ્ટિકને ફરીથી ઉપયોગમાં લેવા યોગ્ય બનાવવામાં આવે છે. રિસાયકલ કરેલા પ્લાસ્ટિકનો ઉપયોગ નવા ઉત્પાદનો બનાવવા માટે થાય છે, જેમ કે, પ્લાસ્ટિક બોટલ, પાઈપ, ફર્નિચર, રોડ.

### 5R સિદ્ધાંત પર આધારિત વ્યવસ્થાપન

સુરત શહેરે વેસ્ટ મેનેજમેન્ટ માટે વૈશ્વિક સ્તરે સ્વીકારાયેલ ૫ઈ સિદ્ધાંત – ઈીકેજી (નકારવું), ઈીક્ષ્ઝી (ઘટાડવું), ઈીજી (ફરી વાપરવું), ઈીફ્રૈ(રિપેર) અને ઈીષઅષ્ઙ્ગી (પુનઃપ્રક્રિયા કરવી)ને અમલમાં મૂક્યો છે. આ સિદ્ધાંત પ્રમાણે શહેરમાં માત્ર પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવામાં આવ્યો નથી, પણ જે પ્લાસ્ટિક ઉપયોગમાં લેવાય છે, તેનું યોગ્ય રિસાયક્લિંગ કરી ફરી ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

## છેલ્લા આઠ વર્ષમાં સુરત મહાનગર પાલિકાએ અંદાજિત છ લાખ મેટ્રિક ટન પ્લાસ્ટિકને રિસાયકલ કરીને પુનઃ ઉપયોગ કર્યો

# ટાટની અલ્ટ્રોઝ કાર પ્રીમીયમ અને મોર્ડન ડીઝાઈન સાથે પ્રસ્તુત કરાઈ




### ન્યુ અલ્ટ્રોઝ ૬.૮૯ લાખ રૂપિયાની પ્રારંભીક કિંમતે ઉપલબ્ધ

સુરત, તા.૫

સુરતના ડુમસ રોડ ખાતેની શ્રીજી ઓટોમાર્ટ ભારતની અગ્રણીય ઓટો મોબાઈલ ઉત્પાદક કંપની સાથે ટાટા મોટર્સે ૬.૮૯ લાખ રૂપીયાના શરૂઆતની કિંમતે અલ્ટ્રોઝ કારનું લોન્ચિંગ કર્યું છે. ઉ●ખનિય છે કે, કારની આકર્ષક ડીઝાઈન આંતરીક અને અધ્યતન સુવિધાઓ સાથે તેના પ્રીમીયમનેસ અલ્ટ્રોઝને મનમોહક બનાવવા માટે ડીઝાઈન કરવામાં આવી છે અને આ પ્રીમીયમ ડીઝાઈન અછોડ સલામતી અત્યાધુનીક ટેકનોલોજી અને રોમાંચક પ્રદર્શનના મુખ્ય સંતભો પર બનાવાઈ છે. સાથે કારમાં પ્રથમ વખત એ.એમ.ટી. વિકલ્પ સાથે અલ્ટ્રોઝને રોજીંદા ડ્રાઈવને અસાધારણ મુસાફરીમાં ફેરવવા માટે બનાવવામાં આવી છે. પ્રીમીયમ હેચબેક સેગમેન્ટમાં અલ્ટ્રોઝે પોતાને એક બેંચમાર્ક તરીકે મજબુતાઈ સ્થાપીત કરી છે. કાર ૫ સ્ટાર જીએનસીએપી રેટીંગ મેળવનાર તેની શ્રેણીમાં પ્રથમ અને એકમાત્ર ોહવાથી તેણે શરૂઆતમાં જ સલામતીમાં નવા ધોરણો સ્થાપીત કર્યા છે. અલ્ટ્રોઝ વિવિધ ટ્રાન્સમીશન વિકલ્પોમાં પણ ઉપલબ્ધ રહેશે. જેમ કે, ૫ સ્પીડ મેન્યુઅલ, રીફાઈન્ડ ૬ સ્પીટ ડીસીએ અને નવી ૫ સ્પીડ એએમટી જે ગ્રાહકો સુધી પહોંચવામાં ઓટોમેટીક ટ્રાન્સમીશનની સુવિધા લાવશે. ઉલ્લેખનિય છે કે, નવી કારના લોન્ચિંગનો સમગ્ર કાર્યક્રમ શ્રીજી ઓટોમાર્ટ ખાતે યોજવામાં આવ્યો હતો.

# સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરાવવા યોજાયેલું અભિયાન

### સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-એ દ્વારા કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૫

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન વિસ્તારમાં આગામી ૫ મી જૂન પર્યાવરણ દિવસના ભાગ રૂપે તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ મિશન પોશીબલ : સુરત ફજી સિંગલ યુઝ પ્લાસ્ટિક થીમ આધારિત શહેરના માર્કેટ વિસ્તાર તેમજ નાગરિકોની અવર જવર વધુ હોય તેવા વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-એ(ઉધના)ના આરોગ્ય સેનીટેશન વિભાગના નાયબ આરોગ્ય અધિકારી અને આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક અને એનજીઓને સાથે રાખી ''સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા'' sIECf એકટીવીટીનું આયોજન અને પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્તી અભિયાન અત્રેના ઝોનના ઝાંસીની રાણી ગાર્ડન મીરાનગર, પિયુષ પોઈન્ટ ચાર રસ્તા શાક માર્કેટ, પાંડેસરા હાઉસીંગ મિલન પોઈન્ટ બમરોલી ગામ, સાગર રોડ વડોદ, સંગમ ચાર રસ્તા ભેસ્તાન, ડી માર્ટ અલથાણ ખાડી નવું બમરોલી ખાતે કરવામાં આવેલ છે. સદર અભિયાન દરમ્યાન ૨૧૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક જપ્ત કરેલ છે. અને વહીવટી ખર્ચ પેટે રૂ. ૮,૦૦૦/- પુરા વસુલ કરવામાં આવેલ છે. સદર અભિયાન દરમ્યાન ભાગ લેનાર ઉપરોકત કર્મચારીઓએ બ્લેક શુટ, સન ગ્લાસ અને બ્લુટુથ ધારણ કરેલ છે. ઉપરોકત મેસેજ તમામ દૈનિક વર્તમાન પત્રોમાં આપી જનજાગૃતિ લાવવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉત્પાદન કરતા, સ્ટોક અને વેચાણ કરતી સંસ્થાને પ્રતિબંધિત પ્લાસ્ટિક સદંતર બંધ થાય તે માટે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે.



# વરાછા બેંકની ૩૦મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઈ

### ૩૦ વર્ષમાં બેંકે રૂા.૫૮૩૯ કરોડના બિઝનેસ સાથે કરી નકર પ્રગતિ

સુરત, તા.૫

મલ્ટી સ્ટેટ તેમજ બેસ્ટ ડિજિટલ બેંકનો દરજ્જો ધરાવતી ધી વરાછા કો-ઓપરેટિવ બેંક લિ., સુરતની ૩૦મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન તા. ૦૪/૦૬/૨૦૨૫ બુધવારના રોજ બેંકના સહકાર ભવન, વ્રજચોક, સરથાણા વિસ્તાર ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારોહના અધ્યક્ષ સ્થાને સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મુખ્ય મહેમાન પદે ધી સર્ધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સુરતના પ્રમુખશ્રી નિખિલભાઈ મદ્રાસી ઉપસ્થિત રહ્યા હતા. રૂા. ૩૬૩૬ કરોડ થાપણ અને રૂા. ૨૨૦૩ કરોડથી વધુ ધિરાણ સાથે નક્કર પ્રગતિ કરનાર વરાછા કો-ઓપ. બેંક દ્વારા દર વર્ષની જેમ સામાજિક ઉત્થાન માટે અનોખી પહલ સાથે વિશેષ સિદ્ધિ અને સેવા સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઔદ્યોગિક ક્ષેત્રે તેમજ નિસ્વાર્થ ભાવે માનવતા ભરી ઉમદા સેવા કરતા અસાધારણ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે અકસ્માતે અવસાન પામનાર ખાતેદારોના વારસદારોને કુલ રૂા. ૩૬ લાખની વીમા રકમના ચેક મહેમાનશ્રીઓના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.વરાછા કો-ઓપ. બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી દિલીપભાઈ વરસાણી

અનુસંધાન પાના ૭ પર

# આવતીકાલે ચેમ્બરનો ૮૫મો પદગ્રહણ સમારોહ યોજાશે



### નવા પ્રમુખ નિખિલ મદ્રાસીનો પરિચય

તા. ૨૫ મે, ૧૯૬૪ના રોજ સુરતમાં જ જન્મેલા, મૂળ સુરતી એવા માત્ર મદ્રાસી અટકધારી શ્રી નિખિલભાઇ બી.કોમ.ની શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. વર્ષ ૧૯૮૯માં ચેમ્બરની કારકિર્દીની શરૂઆત કરનાર શ્રી નિખિલ મદ્રાસી ચેમ્બરમાં એકમાત્ર એવા વ્યક્તિત્વ છે કે જેમણે અલગ–અલગ ત્રણ સમયે માનદ મંત્રી પદનો હોદ્દો શોભાવ્યો છે. આ ઉપરાંત, એક વખત એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર, એક વાર પબ્લિક રિલેશન ઓફિસર અને એક વાર પ્રોગ્રામ કમિટિ ચેરમેન અને બે વર્ષ ચેમ્બરના આદર્શ અને ઉત્તરદાયિત્વના પ્રતિબિંબ કરાવતા દર્પણ એવા 'સમૃદ્ધિ' મેગેઝીનના સંપાદક તરીકે આંખે ઉડીને વળગે તેવી કામગીરી કરી છે. ચેમ્બર ઓફ કોમર્સ જેમના અસ્તિત્વમાં અને કણેકણમાં વસે છે, ચેમ્બરની આંટીઘૂંટીઓને જેઓ વ્યવસ્થિત રીતે

અનુસંધાન પાના ૭ પર



### ઉપપ્રમુખ અશોક જીરાવાલાનો પરિચય

શ્રી અશોકભાઇ ચોડવડીયા (જીરાવાલા), જન્મ ૨૧ એપ્રિલ ૧૯૬૬, એક સફળ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સાહસિક અને સ્પષ્ટ વક્તા એવી વ્યક્તિ છે. તેમનું દ્રઢપણે માનવું છે કે, 'જીવનમાં વ્યક્તિનો દ્રષ્ટિકોણ, અનુભવ અને વિચારોનું વૈવિધ્ય એ મહત્વની શિક્ષા છે.' આજે તેઓ પોતાના આપબળે પરંપરાગત અને આધુનિક ટેક્ષ્ટાઇલ વિવિંગ ઉદ્યોગમાં એક આગવું મહત્વનું સ્થાન અંકિત કરી આગવી પ્રતિભા સાબિત થયા છે. શ્રી અશોકભાઈ ઘણા વર્ષોથી ટેક્ષ્ટાઇલ, આર્ટ એન્ડ સિલ્ક વિવિંગ, ટ્રેડિંગ તેમજ સીવીડી ડાયમંડ ક્ષેત્રે સફળ બિઝનેસ કરતા આવ્યા છે. ઉદ્યોગ ક્ષેત્રે જ નહીં, પરંતુ રાજકીય અને સામાજિક કાર્યોમાં પણ તેમનો પ્રભાવશાળી અવાજ સદાય સક્રિય રહ્યો છે. શ્રી અશોકભાઈએ ચેમ્બર સાથે પોતાની કારકિર્દીની શરૂઆત વર્ષ ૨૦૧૬માં કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

સુરત, તા.૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૮૫મો પદગ્રહણ સમારોહ શુક્રવાર, તા. ૬ જૂન, ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા ખાતે યોજાશે, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ તરીકે શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ તરીકે શ્રી અશોક જીરાવાલા પદ ગ્રહણ કરશે. શ્રી નિખિલ મદ્રાસી, ચેમ્બરના ૭૯મા પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે. આ પદગ્રહણ સમારોહ ભારતના માનનીય કેન્દ્રિય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલજીના વિશેષ મહેમાન પદે યોજાશે, જેમાં નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેકટર એન્ડ સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણ ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાતના રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રી શ્રી મુકેશ પટેલ, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા, સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણી, લોકસભાના વ્હીપ અને વલસાડના સાંસદ શ્રી ધવલ પટેલ, સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલ, રાજ્ય સભાના સાંસદ શ્રી ગોવિંદ ધોળકીયા, બારડોલીના સાંસદ શ્રી પ્રભુ વસાવા અને સુરત શહેરના ભાજપ પ્રમુખ તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી પરેશ પટેલ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવશે. ચેમ્બરના વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના લક્ષ્યાંકો.... Building Global Connections, Empowering Local Strengthsની થીમ પર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ઈકોસિસ્ટમના દરેક પાસાને મજબૂત બનાવવાનો મુખ્ય હેતુ છે. એના માટે સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા હેતુ તેઓને યોગ્ય મંચ પૂરો પાડવામાં આવશે. ૧૫૦૦ જેટલા નવા સભ્યોનો ચેમ્બરમાં સમાવેશ કરવામાં આવશે, જેમાં સ્થાનિક ઉદ્યોગસાહસિકો, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) અને સ્ટાર્ટઅપ્સને ચેમ્બરની સાથે જોડવા અભિયાન ચલાવવામાં આવશે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૧૨ જેટલા ઔદ્યોગિક પ્રદર્શનો ૧૨ જેટલી બિઝનેસ કોન્કલેવનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો થકી ઉદ્યોગોને નવા બજારો સુધી પહોંચવાની, પાર્ટનરશીપ્સ વિકસાવવાની અને નેટર્વકિંગ વધારવાની તક આપવામાં આવશે. ૧૨ જેટલા વેન્ડર ડેવલપમેન્ટ્સ પ્રોગ્રામ કરવામાં આવશે, જેના થકી સ્થાનિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવી વૈશ્વિક માંગ માટે તેઓને યોગ્ય બનાવવામાં આવશે. આ ઉપરાંત, ૧૦ ગ્લોબલ બીટુબી કનેકટ ઈનીશિએટીવ હાથ ધરાશે, જેમાં વિવિધ દેશોના ઉદ્યોગપતિઓ સાથે સીધો સંપર્ક સાધીને વેપારવધારાનું સ્થાનિક ઉદ્યોગકારોને પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે. રોકાણકારો અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચેની ખાઈને દૂર કરવા માટે ૩ જેટલા સ્પેશ્યલ ફોરમ તૈયાર કરવામાં આવશે. ચેમ્બરની પ્રવૃત્તિઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જવામાં આવશે, જેમાં સુરત ઈકોનોમિક ફોરમને વધુ ગતિશીલ બનાવવાની સાથે, ત્રણ સેટેલાઈટ ચેપ્ટરો ઉભા કરાશે, જે વિવિધ ઔદ્યોગિક ઝોનમાં સ્થાનિક વ્યવસાયો માટે સહાયક થશે. એની સાથે જ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળો સાથે ભાગીદારી કરાશે.

### વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રમુખ તરીકે શ્રી નિખિલ મદ્રાસી પદ ગ્રહણ કરશે



# એએમ-એનએસ ઈન્ડિયા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ સપ્તાહની ઉજવણી

### હજીરામાં વિવિધ કાર્યક્રમો યોજી પર્યાવરણના જતન અંગે જનચેતના જગાવવાનો પ્રયાસો

સુરત, તા.૫

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે, આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India) – વિશ્વના બે અગ્રણી સ્ટીલ ઉત્પાદકો આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના સંયુક્ત સાહસ, દ્વારા સસ્ટેનેબિલિટી વીક અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે સસ્ટેનેબિલિટી વીક થીમ – "સર્કલ ઓફ લાઈફ: ક્લોઝિંગ ધ લૂપ" છે, જેનો ઉદ્દેશ સર્ક્યુલર ઈકોનોમિના સિદ્ધાંતો અંગે લોકો જાગૃતિ લાવવાનો છે.

આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો દ્વારા પર્યાવરણની જાગૃતિ, લોકભાગીદારી અને ટકાઉ વિકાસ અંગે સંદેશ આપવામાં આવ્યો હતો. સસ્ટેનેબિલિટી વીકના મુખ્ય આકર્ષણરૂપે, સુંવાલી બીચ ખાતે એક સ્વચ્છતા અભિયાનનું આયોજન AM/NS Indiaએ ગુજરાત પૉલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ના સહયોગથી કર્યુ હતું. આ કાર્યક્રમમાં માનનીય રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, વન, પર્યાવરણ, હવામાન પરિવર્તન, જળસ્રોત અને પાણી પુરવઠા મંત્રાલય, ગુજરાત સરકાર, શ્રી સંતોષ મુંધડા, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને ડેપ્યુટી CTO, AM/NS India અને ડૉ. જિજ્ઞાસા ઓઝા, પ્રાદેશિક અધિકારી, GPCB ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાનમાં AM/NS Indiaના કર્મચારીઓ, તેમના પરિવારજનો, આજુબાજુના ગામડાંના રહેવાસીઓ, GPCBના અધિકારીઓ અને સ્થાનિક સમાજના આગેવાનોએ જોડાઈને પર્યાવરણીય સંરક્ષણ માટેના સામુહિક પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ અંગે મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, "મે ૨૨ થી જુન ૦૮,૨૦૨૫ દરમિયાન પર્યાવરણ દિવસ નિમિત્તે રાજયભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુંછે.

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરમાં ૨૪ કલાકમાં કોરોનાના સાત કેસ નોંધાયા

### મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં રખાયા

સુરત, તા.૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૭ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૪૪ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-વેસુ, જેઓ ગૃહિણી છે. હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓને થાઈરોઈડની તકલીફ છે.(૨) ૬૮ વર્ષીય પુરુષ, રહેઠાણ–અઠવા, જેઓ નિવૃત છે. તેઓ હાલ કિરણ હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને પ્રેસર, સુગર અને સ્ટ્રોકની તકલીફ છે.(૩) ૬૬ વર્ષીય પુરુષ, રહેઠાણ-અઠવાલાઈન્સ,જેઓ ખાનગી વ્યપ્સાય કરે છે. તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ તેઓ મુંબઈ થી પરત આવેલ છે તેઓ હાલ હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૪) ૬૮ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-અડાજણ, જેઓ ગૃહિણી છે. હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૫) ૪૮ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-પાલ, જેઓ તબીબ છે. હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૬) ૩૧ વર્ષીય પુરુષ, રહેઠાણ –લિંબાયત, જેઓ વાપી ખાતે નોકરી કરે છે. હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૭) ૬૭વર્ષીય સ્ત્રી, રહેઠાણ-વરાછા, જેઓ ગૃહિણી છે. તેઓ હાલ આયુષ હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓને થાઈરોઈડની તકલીફ છે. સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

# બકરી ઈદ સંદર્ભમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું

### પશુઓની કતલ જાહેરમાં કરી શકાશે નહીં

સુરત, તા.૫

આગામી તા.૭/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઈદ"નો તહેવાર આવતો હોવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી ન દુભાય અને સુરત જિલ્લામાં શાંતિનું વાતાવરણ જળવાય રહે એ હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારી દ્વારા કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જે અનુસાર સુરત જિલ્લામાં(પોલીસ કમિશરનશ્રી સુરત શહેરની હકૂમત સિવાય) કોઈપણ વ્યકિતએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવા, કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા પર તેમજ 'બકરી ઈદ તહેવાર નિમિતે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૮/૬/૨૦૨૫ સુધી કરવામાં આવશે. તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.

# સુરત મનપાના અધિકારીઓની માહિતી પાલિકાની વેબસાઈટ પર અપડેટ જ નથી

### કોર્પોરેટર કુંદન કોઠીયાએ મ્યુનિ. કમિ.ને રજૂઆત કરી

સુરત, તા.૫

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન તથા વિભાગોના ડેપ્યુટી ઈજનેરો, આસી. ઈજનેએઓ, જુનિયર ઈજનેરો સહિતના વિવિધ અધિકારી/કર્મચાીઓને ગત મે-૨૦૨૫ માસમાં બદલીઓ તથા સુપરવાઈઝર તથા ટેકનીકલ આસીસ્ટન્ટની બઢતીઓ થયેલ છે તેમજ આ બદલીઓ તથા બઢતીઓની માહીતી ઝોન દ્વારા હજી સુધી લેખિતમાં નગરસેવકોને પુરી પાડવામાં આવેલ નથી અને પાલિકાના વેબસાઈટ પર પણ એક મહિના જેટલો સમય વીતી ગયેલ હોવા છતાં સદર બદલીઓની માહીતી અપડેટ કરવામાં આવેલ નથી. આ બાબતે આમ આદમી પાર્ટીના મહિલા કોર્પોરેટર કુંદનબેન કોઠીયાએ મનપા કમિશ્નરને પત્ર લખીને જણાવ્યું હતું કે, જાહેર જનતા સહિત નગરસેવકોને તેમના પ્રાથમિક સુવિધા સહિતના વિવિધ પ્રશ્નોનું સમયસર નિરાકરણ હાથ ધરી શકાતું નથી. કુંદનબેન કોઠીયાએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન તથા વિભાગોમાં બદલી તથા બઢતી

અનુસંધાન પાના ૭ પર

# અસ્તિત્વની લડાઈ મનુષ્ય હારશે ત્યારે પર્યાવરણ સુધારશે?

જળવાયુ પરિવર્તન આજકાલ એક ગરમાગરમ મુદ્દો છે. વિશ્રૃવમાં બધે જ તેની ચર્ચા થાય છે. ક્લાઈમેટ ચેન્જ પર વિશ્રૃવના દેશોના પ્રમુખોની પરિષદો યોજાય છે. એક સામાન્ય વ્યક્તિ તરીકે કદાચ વૈજ્ઞાનિક ભાષા આપણે ન સમજતા હોઈએ, તો પણ પર્યાવરણમાં આવેલો પલટો આપણે અનુભવી શકીએ છીએ. અસાધારણ ગરમી અને ઠંડી, વરસાદની અનિશ્ર્ચિતતા, કમોસમી વરસાદ વગેરે આપણને આ અનુભવ અવશ્ય કરાવે છે.

પાછલાં દસ વર્ષો માનવ ઈતિહાસનાં સૌથી ગરમ વર્ષો રહ્યાં છે. સતત ધરતીનું ઉષ્ણતામાન વધી રહ્યું છે. દર વર્ષે આકાશ વધુને વધુ આગ વરસાવી રહ્યું છે. દુનિયાના ૧૧૯ દેશોમાં વર્ષ ૨૦૧૫થી ૨૦૨૨ના માર્ચ મહિના વચ્ચે એક લાખથી વધુ પૂર, બરફ વર્ષા, ભીષણ ગરમી અને સમુદ્રનો જળસ્તર વધવા જેવી ખતરનાક ઘટનાઓ ઘટી ચૂકી છે. પાછલા એક દશકમાં જળ અને સ્થળની મળીને ૩૩,૦૦૦થી વધુ જીવ પ્રજાતિઓ નષ્ટ થઈ ગઈ છે.

આખી પૃથ્વી પર વરસાદની પેટર્ન બદલાઈ ગઈ છે. દક્ષિણ એશિયામાં વાદળ ફાટવાની ઘટનાઓ સતત બની રહી છે. જ્યાં પહેલાં દુકાળ પડતો હતો ત્યાં હવે ભયાનક પૂર આવી રહ્યાં છે અને જે વિસ્તાર સતત વરસાદ માટે જાણીતો હતો ત્યાં ધૂળ ઊડી રહી છે.

આટઆટલી દુર્ઘટનાઓ છતાં પર્યાવરણની ચિંતાના નામે આખી દુનિયા માત્ર વાતોનાં વડાં કરવામાં વ્યસ્ત છે એવું કહેવામાં અતિશયોક્તિ નહીં જ હોય. વિશ્રૃવ પર્યાવરણ દિવસ પહેલી વાર ૧૯૭૨માં ઊજવાયો હતો. સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘે ૫ જૂન, ૧૯૭૨ના તેની ઉજવણી કરીને તેનો પાયો નાખ્યો, ત્યારથી આ તારીખે વિશ્રૃવ પર્યાવરણ દિવસ ઊજવાઈ રહ્યો છે. એકવીસમી સદીમાં ઉજવણીનો રિવાજ તો સચવાયો છે, તેમ છતાં પ્રત્યેક પસાર થતા દિવસે, પ્રત્યેક પસાર થતા વર્ષમાં પર્યાવરણની હાલત બદથી બદતર થતી જાય છે. પ્રદૂષણ સતત વધી રહ્યું છે. પૃથ્વીનું ઉષ્ણતામાન સતત વધી રહ્યું હોવાની જાણ હોવા છતાં વનોની આડેધડ કાપણી ચાલુ છે. બધું જ જાણવા-સમજવા છતાં ગ્લોબલ વૉર્મિંગ ભયંકર ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે.

આ વર્ષે પર્યાવરણ દિવસનો યજમાન દેશ સ્વીડન છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ એક રસપ્રદ થીમ સ્વીડન દ્વારા નક્કી કરવામાં આવી છે. થીમ છે, 'પૃથ્વી એક જ છે' અને સૂત્ર આપ્યું છે, 'પ્રકૃતિ સાથે સદ્ભાવથી રહો.' સ્વીડન જ એ દેશ છે જેણે દુનિયાને સૌપ્રથમ પર્યાવરણ માટે ચેતવણી આપી હતી. તેણે જ દુનિયાને કહ્યું અને બતાવ્યું કે પર્યાવરણની સુરક્ષા કેટલી જરૂરી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘ દ્વારા આયોજિત પહેલું પર્યાવરણ સંમેલન ૧૯૭૨માં, ૫ જૂનથી ૧૬ જૂન દરમ્યાન, સ્વીડનના સ્ટોકહોમમાં જ યોજાયું હતું. આ દિવસે અનેક જગ્યાએ વૃક્ષારોપણની રસમ નિભાવવામાં આવશે, મોટાં મોટાં ભાષણોનાં બ્યૂગલો ફૂંકાશે. દોઢસો દેશોના આ કાર્યક્રમમાં સમાવેશ પછી પણ, પર્યાવરણમાં નામમાત્રનો સુધારો થયો નથી. મોટી મોટી વાતો બધા જ કરે છે, પણ વ્યક્તિગત, સામાજિક કે રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણનો ભાવ પૂછવાવાળું કોઈ નથી. આપણે ક્યારે સમજીશું? આપણું અસ્તિત્વ ખતમ થઈ જશે ત્યારે?

વૈજ્ઞાનિકો ચીસો પાડીને કહી રહ્યા છે કે પૃથ્વીનું ઉષ્ણતામાન વધી રહ્યું છે, પણ ભેંસ આગળ ભાગવત વાંચતા હોઈએ એવો તાલ છે, કેમ કે ઉષ્ણતામાન તો વધતું જ ચાલ્યું છે. તો પછી આપણે શેની ચિંતા વ્યકત કરી રહ્યા છીએ? દાખલા તરીકે પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધની વાતો ખૂબ થાય છે, પણ પ્લાસ્ટિકની થેલીઓનો વપરાશ બંધ થયો ખરો? ધરતીની શું વાત કરવી? સમુદ્રનો કોઈ ખૂણો એવો નથી બચવા દીધો જ્યાં પ્લાસ્ટિક ન પહોંચ્યું હોય. દરેક સમુદ્રકિનારા પર ભરતી પછી ઘસડાઈ આવતો કચરો જુઓ એટલે સાબિતી મળી જશે. ધરતી પર ખોરાક સાથે પ્લાસ્ટિક પેટમાં જવાથી કેટલાંય પશુઓના પ્રાણ જાય છે, તો બીજી બાજુ સમુદ્રી જીવોનાં તણાઈ આવતાં શબનાં મોઢાં પર કે પેટમાંથી પણ પ્લાસ્ટિક મળી આવે છે! વર્ષા વનો ધરતીનું કવચ છે તે પણ સ્પષ્ટ છે. તેમ છતાં પૃથ્વી પર વર્ષા વનોનો વિસ્તાર સંકોચાઈ રહ્યો છે. પાણી સાચવીને વાપરવાની ગમે તેટલી જાહેરાત કરાય, પણ પાણીનો વેડફાટ ઓછો થતો નથી. જ્યારે પાણી મળતું બંધ થાય ત્યારે જ કરકસર કરાય છે.

ધૂમ્રપાન કરવાથી પર્યાવરણ અને મનુષ્ય બંનેને નુકસાન થાય છે. તેમ છતાં મનુષ્યને ન પોતાનાં ફેફસાંની ચિંતા છે, ન તો પૃથ્વીની. આજે દેખાદેખી અને ફેશનમાં પણ ધૂમ્રપાન વધી જ રહ્યું છે. જીવાશ્મ ઈંધણો ઉપર ચાલનાર વાહનોથી પણ પ્રદૂષણ સતત વધી રહ્યું છે, તેમ છતાં પ્રત્યેક પસાર થતા દિવસે વાહનોની સંખ્યા વધતી જ રહે છે, કેમ કે આ વસ્તુઓનો સંબંધ દુનિયાની આર્થિક વ્યવસ્થા અને રોજગાર સાથે છે, એટલે નોકરી ઓછી થતાં જ હંગામો મચી જાય છે.કહેવાનો આશય એ કે છેલ્લાં પચાસ વર્ષોથી પર્યાવરણ માટેની આપણી ચિંતા આપણે કોઈ રિવાજની જેમ કર્યા કરીએ છીએ. અત્યાર સુધી વ્યક્ત ચિંતાઓ પ્રમાણે પર્યાવરણ તો બગડી રહ્યું છે, પણ અત્યાર સુધી અપાયેલાં વચનો પર કોઈ કામ દુનિયામાં ક્યાંય થયું દેખાતું નથી.

















## તંત્રી લેખ... -

**ગુરૂવાર, તા.૫ જુન ૨૦૨૫**

# સતર્કતાનો સમય

કોરોના મહામારીની દુ:ખદાયક યાદો હજુ પણ કોઈ ભૂલ્યું નહી હોય અને ભારતમાં ફરીથી કોરોના સક્રિય થવાના સમાચારો સાંભળવા મળી રહ્યા છે. દેશમાં આ વાયરસથી સંક્રમિત દર્દીઓની તાજી સંખ્યા ૪૦૦૦ના આંકડાને પાર કરી ગઈ છે, તો છેલ્લા ૨૪ કલાકમાં પાંચ લોકોના મોત થયાના અહેવાલો પણ સામે આવ્યા છે. જોકે આ આતંકિત થયા વિના વધારે સાવધાન રહેવાનો સમય છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, સૌથી વધારે કેસો કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીમાં નોંધાયા છે. આ તમામ રાજ્યો સંસાધન અને સ્વાસ્થ્ય માળખાની દ્દષ્ટિએ અપેક્ષાકૃત બહેતર સ્થિતિમાં છે, તેથી તેમની સરકારો અને સ્વાસ્થ્ય મહેકમ પર એ જવાદારી છે કે તે સંક્રમણને રોકવા માટે જરૂરી પગલાં ભરે અને દર્દીઓની સઘન દેખભાળની સાથે સાથે પ્રભાવિત વિસ્તારોમાં જાગરુકતા અભિયાન ચલાવે, જેથી લોકો પર્યાપ્ત સતર્કતા રાખી શકે. ખાસ કરીને કેરળમાં જેટલી સંખ્યામાં તેના દર્દી જોવા મળ્યા છે, ડાબેરી મોરચાની સરકારે તેને ગંભીરતાથી લેવાની જરૂર છે.

નવા-નવા વેરિયન્ટથી પાછા આવતા કોરોના મુદ્દે વિશેષજ્ઞોએ પહેલાં જ ચેતવ્યા હતા, જોકે તેની સાથે આશ્વાસન પણ હતું કે હવે તેની મારકતા પહેલાં જેવી નહી હોય. અત્યાર સુધી જેએન.૧ વેરિયન્ટના સંક્રમણના કેસો જોવા મળ્યા છે તેમાં મોટાભાગના હળવા લક્ષણોના જ છે. પરંતુ દુનિયાના કેટલાક દેશોમાંથી જેટલી મોટી સંખ્યામાં તેના પ્રસારની માહિતી મળી રહી છે, તેને આપણે બોધપાઠ તરીકે લેવું જોઈએ. ત્યારે તો વધારે, જ્યારે થાઈલેન્ડમાં લગભગ અઢી લાખ લોકો તેની ઝપટમાં આવવાની માહિતી છે અને અહીં પણ એ જ વેરિયન્ટ સક્રિય જોવા મળ્યો છે. આ સંદર્ભમાં એક પાસું એ પણ છે કે આપણે ત્યાંથી મોટી સંખ્યામાં લોકો બેંકોક સહેલ કરવા જાય છે. એ સાચું કે આ સંક્રમણના લક્ષણો હળવાં છે, પરંતુ પહેલેથી ગંભીર રોગના શિકાર લોકો, બાળકો બુઝુર્ગોને લઈને કોઇ પ્રકારની લાપરવાહી ભારે પડી શકે છે. તેમાં જો કોરોનાનું કોઈપણ લક્ષણ દેખાય તો ડોક્ટરનો સંપર્ક કરવામાં વિલંબ ન કરવો જોઈએ. પાછલી બે ઘાતક લહેરોએ દેશના ખૂણેખૂણા સાથે આ સંક્રમણથી બચાવના ઉપાયો પહોંચાડવામાં આવ્યા હતા. તેથી લોકોને જાગૃત કરવામાં સ્થાનિક પ્રશાસનને કોઈ મુશ્કેલી નહીં પડે. એટલે ભ્રમને કોઈ અવકાશ ન રહેવો જોઈએ. જ્યાં પણ વધારે કેસો મળે ત્યાં સરકાર દ્વારા જારી દિશા-નિર્દેશો પર અમલ કરવાની જરૂર છે. સ્થાનિક પ્રશાસને એવા વિસ્તારોમાં ભીડભાડમાં માસ્ક વગર ન જવા કે પૂરતું અંતર રાખવા જેવી ચેતવણીઓ પ્રત્યે લોકોને સચેત કરવા પડશે. હાલમાં સંક્રમણનું શરૂઆતી ચરણ છે, તેથી લોકોના સહયોગથી તેને નિયંત્રણમાં કરી શકાય છે. ડબ્લ્યુએચઓની મુખ્ય વૈજ્ઞાનિક રહી ચૂકેલી સૌમ્યા સ્વામીનાથને પણ કહ્યું છે કે આ ૨૦૨૦-૨૧ના ભયાનક દોરની વાપસીનો સંકેત નથી. પરંતુ તેનો એ મતલબ નહીં કે કોરોનાને હળવાશથી લેવો. રાજ્ય સરકારોએ કટોકટીની સ્થિતિનો સામનોકરવાની પોતાની તૈયારીઓનો તાગ મેળવી લેવો જોઈએ. દેશની અર્થવ્યવસ્થા માટે આ સમય ઘણો મહત્ત્વનો છે. બાહ્ય તાકાતો જ્યારે આપણને દરેક શક્ય નુક્સાન પહોંચાડવામાં પડી છે, ત્યારે આપણી કોઈપણ ચૂક કે લાપરવાહી દેશના આર્થિક હિતો માટે બહુ પ્રતિકૂળ હશે. બહુ જરૂરી છે કે આ સંક્રમણને ઘાતક ન બનવા દેવામાં આવે. તમામ દારોમદાર સ્થાનિક પ્રશાસનની ચોકસાઇ અને લોકોના સહયોગ પર નિર્ભર છે.

# બાંગ્લાદેશમાં કટ્ટરતા

બાંગ્લાદેશમાં કટ્ટરપંથી સંગઠન જમાતે ઈસ્લામીની નોંધણી બહાલ થઈ જવી અને તેનો ચૂંટણી લડવાનો રસ્તો સાફ થઈ જવો ભારત માટે પણ ચિંતાજનક છે. બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના તખ્તાપલટ બાદથી જ એક પછી એક જે ઘટનાઓ બની રહી છે, તે ભારત માટે શુભ સંકેત નથી. બાંગ્લાદેશની કાર્યવાહક સરકાર માત્ર પાકિસ્તાન અને ચીન સાથે જ પોતાના સંબંધો વધારી રહી છે, બલ્કે પોતાને ત્યાંના કટ્ટરપંથી તત્ત્વોને ઉત્તેજન પણ આપી રહી છે. તાજું ઉદાહરણ જમાતે ઈસ્લામીનું ચૂંટણી લડવા માટે સક્ષમ થઈ જવું એ છે. એ ઠીક છે કે તેની નોંધણી એટલા માટે બહાલ થઈ, કારણ કે સુપ્રીમ કોર્ટે એવું કરવાના આદેશ આપ્યા હતા, પરંતુ તેની અવગણના ન કરવી જોઈએ કે શેખ હસીના સરકારના તખ્તાપલટના એક અઠવાડિયાની અંદર જ બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની સાથે બે અન્ય ન્યાયાધીશોએ રાજીનામું આપી દીધું હતું. તેમને છાત્રોના એ સંગઠને રાજીનામું આપવા મજબૂર કર્યા હતા, જેના નેતૃત્વમાં શેખ હસીના સરકાર વિરુદ્ધ આંદોલન ચાલ્યું હતું. સ્પષ્ટ છે કે હવે ત્યાંની સુપ્રીમ કોર્ટમાં પણ એવા ન્યાયાધીશ આવી ગયા છે જે કાર્યવાહક સરકારની જીહજૂરી કરવા તૈયાર છે. તથ્ય એ પણ છે કે છાત્રોના આંદોલનમાં જમાતે ઈસ્લામીએ પૂરતો સહયોગ આપ્યો હતો. આ એ જ સંગઠન છે જેના પર બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સમયે પાકિસ્તાનની મદદ કરવા અને માનવતા વિરુદ્ધ અપરાધ અને નરસંહારના આરોપ લાગતા હતા. આ આરોપોને કારણે જ તેના છ ટોચના નેતાઓને ફાંસી પર ચડાવી દેવામાં આવ્યા હતા.

જમાતે ઈસ્લામી કેટલું કટ્ટરપંથી અને જેહાદી માનસિકતાવાળું સંગઠન છે, તેનું એક પ્રમાણ એ પણ છે કે એક સમયે જે વિપક્ષી દળ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી તેની સાથે મળીને ચૂંટણી લડી હતી, તેણે થોડા સમય પહેલાં ખુદને તેનાથી અલગ કરી લીધું હતું. તેનાથી સંતુષ્ટ ન થઈ જવાય કે બાંગ્લાદેશના સેના પ્રમુખ વચગાળાની સરકારના વડા મોહંમદ યુનૂસ પર જલ્દી ચૂંટણી કરાવવા માટે દબાણ કરી રહ્યા છે, કારણ કે બાંગ્લાદેશમાં એક પછી એક કટ્ટરપંથી અને જેહાદી વિચારધારા ધરાવતા સંગઠનોથી પ્રતિબંધ હટવાની સાથે જ આતંકી ગતિવિધિઓમાં જેલની સજા પામેલા તત્ત્વોને છોડી મૂકવામાં આવી રહ્યા છે. એનાથી એ જ સ્પષ્ટ થાય છે કે કટ્ટરપંથી તત્ત્વો માથું ઊંચકવા સામે સેના પ્રમુખને કોઈ સમસ્યા નથી. કહેવું મુશ્કેલ છે કે સેના પ્રમુખના દબાણ કરવા છતાં બાંગ્લાદેશમાં જલ્દી ચૂંટણી થઈ શકશે, કારણ કે હાલમાં ચૂંટણી કરાવવાની કોઈ તત્પરતા નથી દેખાતી. ભારતે બાંગ્લાદેશની ગતિવિધિઓને લઈને એટલા માટે ચિંતિત થવું જોઈએ, કારણ કે ત્યાં પાકિસ્તાન અને ચીન સાથે અમેરિકાનો પણ પ્રભાવ વધી શકે છે.

**જમાતે ઇસ્લામી કેટલું કટ્ટરપંથી અને જેહાદી માનસિકતાવાળું સંગઠન છે, તેનું એક પ્રમાણ એ પણ છે કે એક સમયે જે વિપક્ષી દળ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી તેની સાથે મળીને ચૂંટણી લડી હતી,**

### જ્યોતિ મલ્હોત્રાનો કેસ એક સામાજિક બદલાવનું ઉદાહરણ છે, જ્યાં વ્યક્તિ પોતાની ઓળખ ખુદ પસંદ કરે છે

# ઈન્ફ્લુએન્સરની દુનિયાનું કાજળઘેરું સત્ય

હરિયાણાની ટ્રાવેલ વ્લોગર જ્યોતિ મલ્હોત્રાની હાલમાં જ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં થયેલ ધરપકડે દેશના સુરક્ષા પ્રતિષ્ઠાનો અને સમાજમાં પણ ખળભળાટ મચાવી દીધો. ચુલબુલી જ્યોતિ અથવા તો 'જો', જે નામે તે સોશ્યલ મીડિયા પર ઓળખાય છે, તે એક સરેરાશ યુટ્યૂબ ઈન્ફ્લુએન્સર રૂપે સામે આવે છે, જે અત્યાર સુધી સ્વતંત્રતા અને પોતાના અનુભવો પર આધારિત જીવન જીવતી હતી. પરંતુ હવે જેવું આપણે જોઇ રહ્યા છીએ, આ મામલો યુટ્યૂબરોની દુનિયાના અંધારા પાસાને ઉજાગર કરે છે, જે ઈન્ફ્લુએન્સરની ઓળખ અને પૈસા સાથે જોડાયેલ છે. આ મામલો સોશ્યલ મીડિયા, વૈભવી જીવનની ઈચ્છા અને રાષ્ટ્રીય સુરક્ષાના જટિલ ત્રિકોણને ઈંગિત કરે છે. એનાથી એ પણ સ્પષ્ટ છે કે ડિજિટલ યુગ જાસૂસી અને સામાજિક વ્યવહારના પારંપરિક પ્રતિમાનોને કેવી રીતે બદલી રહ્યો છે.

જ્યોતિની પ્રોફાઇલ સમકાલીન આદર્શને અનુરૂપ છે - એક યુવા જીવનશૈલી પસંદ કરતી યાત્રી, જે પોતાની યાત્રાઓનો રેકોર્ડ રાખવા માટે યુટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટેલીગ્રામ અને સ્નેપચેટ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. સાંભળવામાં આ બહુ સરળ અને સામાન્ય લાગે છે. પાકિસ્તાનની યાત્રાઓને પ્રદર્શિત કરવા અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનને ઉત્તેજન આપનારી તેની સામગ્રી, સૌમ્ય પર્યટન અને સાંસ્કૃતિક રુચિ સાથે મેળ ખાતી પ્રતીત થાય છે. જોકે પૂર્વ સુરક્ષા વિશેષજ્ઞ ભાર મૂકે છે કે આ પ્રકારની ખુલ્લી ગતિવિધિઓનો ઉપયોગ ગુપ્ત અભિયાનો માટે થઈ શકે છે અને કથિત રીતે એના કેસમાં એવું જ બન્યું. ધારણાઓના વૈશ્વિક યુદ્ધમાં પાકિસ્તાન જેવા નામ માત્રના લોકતાંત્રિક અને નાપાક ઈરાદાઓ વાળા દેશ આવા ઈન્ફ્લુએન્સરોને આસાનીથી ઉપલબ્ધ વસ્તુની જેમ જુએ છે, જેમનો ઉપયોગ લોકોની માનસિકતાને આકાર આપવામાં કરી શકાય છે.

પાકિસ્તાનની તેની વ્યાપક યાત્રાઓ અને આતંકવાદને પ્રાયોજિત કરનારા દેશને જોવાનાં તેનાં ગુલાબી ચશ્માં, પાકિસ્તાની દૂતાવાસના અધિકારીઓ સાથે તેના અંગત સંબંધ, જે તરફ ઈશારો કરે છે, એ જ દિશામાં વાતો પણ થઈ રહી છે. ડિજિટલ યુગમાં ખુદને ઘુમક્કડ અને સંસ્કૃતિ વ્લોગર રૂપે પ્રસ્તુત કરવા એક આવરણ રપે કામ કરી શકે છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ વ્યક્તિગત અભિવ્યક્તિ, જોડાણ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે અભૂતપૂર્વ અવસર પ્રદાન કરે છે. તેમ છતાં, જેવું કે મલ્હોત્રા મામલે ખબર પડે છે કે તે સૌમ્ય વાતચીતની આડમાં જાસૂસીની સુવિધા પણ આપે છે. પાકિસ્તાની અધિકારીઓ સાથે તેની સહભાગિતા અને સોશ્યલ મીડિયા દ્વારા રાજદ્વારી કાર્યક્રમોમાં ભાગીદારી, આ પ્લેટફોર્મના સચેત ઉપયોગ દ્વારા ગુપ્ત ઉદ્દેસ્યોથી સંબંધ બનાવવાની આશંકાઓને જ જાહેર કરે છે. તે સ્વતંત્ર રૂપે વાતચીત કરતી દેખાય છે, કેટલાકનું તો ત્યાં સુધી કહેવું છે કે તેણે એક પાકિસ્તાની વ્યક્તિ સાથે રોમાંટિક સંબંધો વિકસિત કરેલા છે. આ મામલો બહુ ચિંતાજનક અને સમાજમાં રહેલ કમજોરીઓ પ્રત્યે આપણી આંખો ખોલે છે.

જ્યોતિ મલ્હોત્રાનો કેસ એક સામાજિક બદલાવનું ઉદાહરણ છે, જ્યાં વ્યક્તિ પોતાની ઓળખ ખુદ પસંદ કરે છે અને બીજાને આકર્ષિત અને પ્રભાવિત કરવા માટે એક જીવનશૈલી અપનાવે છે અને જેમાંથી કટેલાક વિદેશી એજન્સીઓના હાથના મોહરા બની જાય છે. આરોપ એ પણ છે કે જ્યોતિને ન માત્ર સંસાધન રૂપે વિકસિત કરવામાં આવી, બલ્કે તે અન્ય ભારતીય યુટ્યૂબરોને પણ પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં લાવી. ધરપકડ બાદ તેના વીડિયો જોવાથી જ લાગે છે કે તેની સોશ્યલ મીડિયા ગતિવિધિ વ્યક્તિગત નહી પણ એક કાવતરું હતી. પાકિસ્તાનને એક અનુકૂળ પ્રકાશમાં દેખાડનારા કન્ટેન્ટનું નિર્માણ ધારણાઓને પ્રભાવિત કરવાના પ્રયાસ રૂપે જોઈ શકાય છે.

લોકપ્રિય સંસ્કૃતિ અને ફિલ્મોમાં આપણે એ આશા રાખીએ છીએ કે જાસૂસીમાં ગુપ્ત બેઠકો અને ગુપ્ત કાર્ય સામેલ હોય છે, પરંતુ અસલિયત એ છે કે ડિજિટલ યુગમાં જાસૂસી મોટાભાગે સામાન્ય જીવનશૈલી અને સામાજિક વાતચીતની ભીતર પણ થઈ શકે છે. મલ્હોત્રાની વારંવાર વિદેશયાત્રાઓ, રાજદ્વારી કાર્યક્રમોમાં તેનું ભાગ લેવું અદ્ધે પાકિસ્તાની અધિકારીઓ સાથે તેના સંબંધ એ પ્રદર્શિત કરે છે કે કેવા વ્યક્તિઓને સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો દ્વારા જાણીજોઈને કે અજાણતાં વિદેશી એજન્સીઓ દ્વારા પસંદ કરી શકાય છે. તેનો મામલો 'સામાજિક અંતર્નિહિતતા'ની સમાજશાસ્ત્રીય અવધારણાને રેખાંકિત કરે છે, જ્યાં વ્યક્તિગત સંબંધ અને સાંસ્કૃતિક જોડાણ લોકો પર અસર કરવાના માધ્યમ રૂપે કામ કરી શકે છે.

યાત્રાનું પાસું આ મામલાને વધારે જટિલ બનાવે છે. ગતિશીલતા, ગુપ્ત બેઠકો, માહિતીના આદાન-પ્રદાન અને કાયદેસરતાનો ભ્રમ પેદા કરવાનો અવસર પ્રદાન કરે છે. ઈસ્લામાબાદ, લાહોર અને બાલીની તેની યાત્રાઓ એક એવી જીવનશૈલી તરફ ઈશારો કરે છે, જે આરામદાયક તો લાગે છે, પરંતુ પડદા પાછળ ગુપ્ત જાણકારી એકત્ર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. કમાણી કરતાં ક્યાંય વધારે પ્રભાવશાળી જીવનશૈલી ઈન્ફ્લુએન્સરોના જીવનનો એક વિચિત્ર પક્ષ છે. યુટ્યૂબ વીડિયોથી આજીવિકા મળે છે, પરંતુ છબિને અનુરૂપ જીવનશૈલી રજૂ કરવાનું દબાણ સહન કરવા વધારે પૈસાની જરૂર પડે છે. જ્યોતિ જેવા લોકો આ મામલે બેહદ સંવેદનશીલ હોય છે. પૈસા, રોમાંટિક સંબંધ, પાકિસ્તાની, જોખમ વગેરે મળીને એક યુવા અને સ્વતંત્ર મહિલા માટે આકર્ષક કોકટેલ તૈયાર કરે છે. આગળની તપાસથી આખી સચ્ચાઈ સામે આવી જશે, પરંતુ એ સત્ય છે કે આ પ્લેટફોર્મ એક એવી સંસ્કૃતિને ઉત્તેજન આપી રહ્યા છે, જ્યાં વ્યક્તિગત કહાનીઓ, ભાવનાત્મક બંધનો અને સાંસ્કૃતિક ઓળખને પ્રદર્શનની વસ્તુ બનાવી દેવામાં આવે છે, જેમાં સચ્ચાઇ મોટાભાગે ધૂંધળી થતી જાય છે.

પાકિસ્તાન ઉચ્ચાયોગના ઈફ્તાર જેવા સામાજિક કાર્યોમાં તેની ભાગીદારી અને પાકિસ્તાનના રાષ્ટ્રીય દિવસ પર સાર્વજનિક ટિપ્પણીઓ સાંસ્કૃતિક કૂટનીતિના જટિલ પ્રદર્શનને જ દર્શાવે છે. ઓળખની રાજનીતિ અને અમનની આશાના સમાજશાસ્ત્રીય વિચારમાં ગંથાયેલ પાસું લોકોને જાસૂસી જેવા નાપાક ઉદ્દેશ્યો તરફ પ્રોત્સાહિત કરે છે. આખા કેસને લઈને આ દ્દષ્ટિકોણ કંઇક વિચિત્ર લાગી શકે છે. અસલમાં આજે આપણે જે દુનિયામાં રહીએ છીએ, તે બદલાઈ ગઈ છે, જ્યાં સફળતા અને સંપન્નતાને સંપત્તિ, જીવનશૈલી, જોડાણ અને યાત્રાના લેન્સથી જોવામાં આવે છે, જે તમને 'ક્લિક' અપાવે છે અને એ જ જેલ સુધી પણ પહોંચાડી શકે છે.

### આ સંગઠનથી અમેરિકાની સર્વોપરિતાને મોટો ખતરો છે એ સ્પષ્ટ છે.

# ચીનનું નવું સંગઠન, વૈશ્વિક સ્તરે ચીનની તાકાત વધી

### આ વાત સામી ભીંતે લખાયેલી છે તેથી તેના વિશે ચર્ચા કરવાનો મતલબ નથી

દુનિયામાં સર્વોપરિતાનાં સમીકરણો ઝડપથી બદલાઈ રહ્યાં છે અને એક સમયે દુનિયાનાં જમાદાર મનાતા અમેરિકાની સર્વોપરિતાના દિવસો ખતમ થઈ ગયા છે. એક સમય હતો જ્યારે આખી દુનિયા અમેરિકાના ઈશારે નાચતી હતી. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અમેરિકા કહે એ રીતે જ વર્તતી હતી, પણ ધીરે ધીરે અમેરિકા નબળું પડતું જાય છે અને ચીન તેનું સ્થાન લેવા થનગની રહ્યું છે. ચીને આર્થિક મોરચે તો અમેરિકાને હંફાવી દીધું જ છે પણ વર્ચસ્વના મામલે પણ અમેરિકાનો વિકલ્પ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. તેના ભાગરૂપે હમણાં ચીને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર મેડિએશન (IOMed)ની સ્થાપના કરી છે.

અત્યારે ભારતમાં ઓપરેશન સિંદૂર છવાયેલું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ડોનલ્ડ ટ્રમ્પની હરકતો ચર્ચામાં છે તેથી ચીને બનાવેલા આ સંગઠન તરફ કોઈનું ધ્યાન ગયું નથી પણ આ સંગઠનના વિચારને મળેલા પ્રતિસાદને જોતાં ભવિષ્યમાં ચીનને દુનિયાના ફોજદાર તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. હોંગકોંગમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર મેડિએશન (IOMed)ની સ્થાપના માટેના કરારની ઔપચારિક જાહેરાત કરી ત્યારે ૮૫ દેશો અને ૨૦ જેટલાં આંતરરાષ્ટ્રીય સંગઠનોના ૪૦૦ જેટલા પ્રતિનિધી હાજર હતા.

આ ૮૫ દેશો પૈકી ૩૩ દેશોના પ્રતિનિધિ તો તરત જ હસ્તાક્ષર કરીને અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર મેડિએશન (IOMed)ના સ્થાપક સભ્ય બની ગયા. અમેરિકા અને યુરોપના દેશો આ સંગઠનમાં ન જોડાય એ કહેવાની જરૂર નથી તેથી મોટા ભાગના સભ્ય દેશો આફ્રિકાના છે પણ એશિયામાંથી પણ સંખ્યાબંધ દેશો સ્થાપક સભ્યો બન્યા છે. ચીન ઉપરાંત ઈન્ડોનેશિયા, હોંગકોંગ, પાકિસ્તાન, બેલારુસ, ક્યુબા અને કંબોડિયા જેવા દેશો તેના સ્થાપક સભ્ય છે.

અત્યારે કરાયેલી જાહેરાત પ્રમાણે, આ સંગઠનનું હેડ ક્વાર્ટર હોંગકોંગમાં હશે. ચીને આ સંગઠન માટે હોંગકોંગને આગળ કર્યું છે અને હોંગકોંગ સરકારના વડા જોન લીએ જાહેરાત કરી છે કે તેમની સરકાર IOMED ને તમામ શક્ય સહાય પૂરી પાડશે જેથી સંગઠન ઝડપી અને વિશ્વસનીય ઉકેલ લાવી શકે. પશ્ચિમી મીડિયા ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર મેડિએશન (IOMed) ને ઈન્ટરનેશનલ કોર્ટ ફોર જસ્ટિસ (ICJ) અને પરમેનન્ટ કોર્ટ ફોર આર્બિટ્રેશન (PCA) જેવી સંસ્થાઓનો વિકલ્પ ગણાવે છે, પણ ચીનના સરકારી વાજિંત્ર એવા ગ્લોબલ ટાઈમ્સ અખબારના કહેવા પ્રમાણે, આ સંગઠન મધ્યસ્થી દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોનું નિરાકરણ લાવનારું વિશ્વનું પ્રથમ ઈન્ટર-ગવર્નમેન્ટ લીગલ ઓર્ગેનાઈઝેશન છે. ચીને આ સંગઠન યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરશે એવો સધિયારો આપ્યો છે, પણ ચીનની વાત પર કેટલો ભરોસો કરવો એ સવાલ છે.

સત્તાવાર રીતે કરાયેલી જાહેરાત પ્રમાણે સભ્ય દેશો તેમજ અન્ય દેશોના નાગરિકો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠનો આ સંગઠનમાં કેસ દાખલ કરી શકે છે, પણ આ સંગઠનનો ઉદ્દેશ ફક્ત મધ્યસ્થી દ્વારા વિવાદોનું નિરાકરણ લાવવાનો છે. આ સંગઠન દ્વારા કરાનારાં સમાધાન સ્વૈચ્છિક હશે, કોઈ પક્ષ સંમત ન થાય તો કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં.

કોઈ પણ આંતરરાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરાય ત્યારે આ પ્રકારના દાવા કરાતા હોય છે. યુનાઈટેડ નેશન્સથી માંડીને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સુધીની સંસ્થાઓની શરૂઆત આવા કહેવાતા શુભ ઉદ્દેશોથી જ કરાઈ હતી, પણ પછી તેના પર તાકાતવર દેશો હાવી થઈ જતા હોય છે. જે દેશ વધારે ફંડ આપે તેનું ચાલતું હોય છે ને તેના ઈશારે આ સંગઠનો ચાલતાં હોય છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર મેડિએશન (IOMed)માં ચીન મોટો ભા છે તેથી તેનું જ ચાલશે એ કહેવાની જરૂર નથી.

આ વાત સામી ભીંતે લખાયેલી છે તેથી તેના વિશે ચર્ચા કરવાનો મતલબ નથી, પણ આ પ્રકારનાં સંગઠનો ઊભાં કરીને ચીન કઈ દિશામાં આગળ વધી રહ્યું છે તેની વાત કરવી જરૂરી છે. ચીન આ સંગઠનો દ્વારા દુનિયામાં જૂથબંધી કરી રહ્યું છે અને અમેરિકા તથા યુરોપના દેશો સામે એક નવી જ ધરી બનાવી રહ્યું છે. ચીને રશિયા, સાઉદી અરેબિયા, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા સહિતના યુરોપની બહારના દેશો સાથે આર્થિક સંબંધો ગાઢ બનાવીને એક ધરી રચી છે, પણ આ સંગઠન તેનાથી એક કદમ આગળ છે. ચીન પોતાની આર્થિક તાકાતનો ઉપયોગ દુનિયાના ગરીબ અને અલ્પ વિકસિત દેશોને પોતાની તરફ વાળવા કરી જ રહ્યું છે. હવે આ દેશો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થી બનીને ચીન તેમના નેતા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અમેરિકાએ વરસો લગી યુએન, વર્લ્ડ બેંક, આઈએમએફ જેવી સંસ્થાઓ પર વર્ચસ્વ જમાવીને દુનિયા પર દાદાગીરી કરી એ જ કામ ભવિષ્યમાં ચીન આ સંગઠનના માધ્યમથી કરશે.

આ સંગઠનથી અમેરિકાની સર્વોપરિતાને મોટો ખતરો છે એ સ્પષ્ટ છે. ચીન લાંબા સમયથી ગ્લોબલ સાઉથની વાત કરીને દુનિયાના ગરીબ અને અલ્પ વિકસિત દેશોને પોતાની તરફ વાળવા પ્રયત્નશીલ છે. ગ્લોબલ નોર્થ અને ગ્લોબલ સાઉથ સામાજિક-આર્થિક અને રાજકારણના સંદર્ભમાં દુનિયાના દેશોને વિભાજિત કરે છે. ગ્લોબલ નોર્થમાં ધનિક અને વિકસિત દેશો છે જ્યારે ગ્લોબલ સાઉથમાં મોટા ભાગના ગરીબ અને પછાત દેશો છે.

યુએન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ની વ્યાખ્યા અનુસાર ગ્લોબલ સાઉથમાં આફ્રિકા, લેટિન અમેરિકા અને કેરેબિયન, ઈઝરાયેલ, જાપાન અને દક્ષિણ કોરિયા સિવાયના એશિયાના દેશો અને ઓસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેન્ડ સિવાયના ઓશનિયાના દેશોનો સમાવેશ થાય છે. આ સંગઠન દ્વારા ચીનનો વિકાસશીલ દેશો અને ગ્લોબલ સાઉથમાં પ્રભાવ વધશે તેથી અમેરિકાનું વરસોનું વર્ચસ્વ તૂટશે.ભારત માટે પણ આ સંગઠન ખતરો છે કેમ કે ચીનનો પ્રભાવ વધે એવી કોઈ પણ ઘટના ભારતના નુકસાનમાં જ હોય. આપણી પિન પાકિસ્તાન પર ચોંટેલી છે, પણ વાસ્તવમાં ભારત માટે મોટો ખતરો ચીન છે કેમ કે પાકિસ્તાન ભારત સામે કોઈ હૈસિયત નથી ધરાવતું, પણ ચીન ભારત કરતાં બધા મોરચે ચડિયાતું છે. ચીન અત્યારે બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા દેશો મારફતે ભારત સામે પ્રોક્સી વોર ચલાવી જ રહ્યું છે તેથી ચીન તાકાતવર બનશે તો ભારત સામે ખતરો વધશે.ભારતમાં એક વર્ગ આપણે ચીનને પછાડી દઈશું એવા ફાંકા મારે છે, પણ આપણામાં એ તાકાત નથી એ વાસ્તવિકતા છે. ચીનનો પ્રભાવ કેવો છે તેનો અંદાજ એ વાત પરથી આવે કે, ચીનના નિમંત્રણથી દુનિયાના ૮૫ દેશો ને ૨૦ સંગઠનો હાજર થઈ ગયાં ને ૩૩ દેશોએ ચીનની પહેલને સ્વીકારીને કરાર પર સહી કરી દીધી. આપણો કોઈ એવો પ્રભાવ નથી, પણ એ ચિંતાનો મુદ્દો નથી. ચિંતાનો મુદ્દો ચીન તાકાતવર બને પછી તેનો મુકાબલો કઈ રીતે કરવો એ છે ને એ દિશામાં સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ.

### જ્યાં સુધી કથિત સંઘર્ષ વિરામ પાછળનો ઘટનાક્રમ સામે નહીં આવે

# ઓપરેશન સિંદૂર બાદના પડકારો

### પાકિસ્તાન સહિત અમેરિકા, ચીન ઉપરાંત અન્ય દેશ એનાથી વાકેફ જ હશે કે ભારતે કેવી લશ્કરી ક્ષમતાઓ હાંસલ કરી લીધી છે

મશરૂમ ક્લાઉડ્સનો સંબંધ સામાન્ય રીતે પરમાણુ વિસ્ફોટ હોય છે. ગત દિવસોમાં ઓપરેશન સિંદૂર દરમ્યાન પરમાણુ પ્રતિષ્ઠાનને નિશાનો બનાવવાની અટકળો પણ વહેતી થઈ. આ અટકળો વચ્ચે ફેક ન્યૂઝ, પ્રોપેગેંડા અને ત્યાં સુધી કે મીડિયાના એક હિસ્સા દ્વારા ફેલાવાઈ રહેલી અફવાઓનો સ્ફિોટ ચોક્કસ જોવા મળ્યો. ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય ટકરાવ અટકવાને તમે જે નામ આપો તે, પરંતુ તેના એક પખવાડિયા બાદ પણ જાતજાતની કહાનીઓ તરી રહી છે. પોતપોતાની કહાનીઓ સાચી ગણાવવાનું અભિયાન ચાલુ છે. લોકો પણ પોતાની રુચિ અને ઝોક અનુસાર તેમને માન્યતા આપી રહ્યા છે. જ્યારે સીમાની બંને તરફ જ્યાં એક પછી એક પ્રહાર થઈ રહ્યા હતા, એ જ દરમ્યાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની એકાએક પોસ્ટ પ્રગટ થઈ કે તેમણે બંને દેશો વચ્ચે ચાલતા ટકરાવને બંધ કરાવી દીધો છે. તેને લઈને પણ અટકળો-અનુમાન ચરમ પર રહ્યા કે પડદા પાછળ આખરે શું થયું કે એકાએક આવી સ્થિતિ બની ગઈ? એવા દાવા-પ્રતિદાવા વચ્ચે સંભવ છે કે સચ્ચાઈ ક્યારેય બહાર ન આવે. તેમ છતાં પોતપોતાનું નરેટિવ બનાવવાનો ઉન્માદી દોર જોવા મળ્યો. આ દરમ્યાન આંતરરાષ્ટ્રીય મીડિયાએ સ્વાભાવિક રીતે જ પોતાની સગવડિયા વૈચારિક દાનત દેખાડી. આ 'સગવડિયા' દાનતને ભારત વિરોધી ગણી લેવી!

જોવામાં આવે તો સંચારના મોરચે પાકિસ્તાનના પડકારો ભારતની તુલનામાં ઘણા આસાન હતા. કારણ કે ત્યાં દરેક પાસાની જેમ વિમર્શની રૂપરેખા નક્કી કરવા પર પણ સેનાનું જ નિયંત્રણ છે, તેથી તેના માટે જીતની ઘોષણા કરવાની જ બાકી હતી. પછી ચાહે તેના માટે રાફેલને તોડી પાડવાનું જૂઠ્ઠાણું જ કેમ ન ચલાવવું પડે! એ જૂઠ્ઠાણું તેણે ચલાવ્યું પણ ખરું અને તેને પોતાની મતાંધ જનતા અને દુનિયાભરમાં ફેલાયેલા એવા જ લોકોને પીરસવામાં પણ આવ્યું. આ જ દરમ્યાન સેના પ્રમુખને ફીલ્ડ માર્શલની પદવી આપીને પોતાના કપોળકલ્પિત આખ્યાનને માન્યતા આપવાનો પ્રયાસ કર્યો. ત્યાં સુધી કે આ જીતનું જશ્ન મનાવવા માટે સમારોહ અને દાવતો પણ યોજવામાં આવી, જેમાં વપરાતી તસવીરો પણ જૂઠ્ઠી જ નીકળી. આ મામલે ભારતનું કામ ક્યાંય વધારે જટિલ હતું. પહેલા ત્રણ દિવસ સુધી માહિતીના પ્રવાહને અનુકરણીય ધૈર્ય અને કુશળ પ્રબંધન દ્વારા સંભાળવામાં આવ્યું. પછી અચાનક અમેરિકાના મનમોજી રાષ્ટ્રપતિની સંઘર્ષ વિરામની ઘોષણા અને મધ્યસ્થામાં અમેરિકી ભૂમિકાનો દાવો સ્તબ્ધકરનારો હતો. તેણે ભારતીય સત્તા પ્રતિષ્ઠાનને હતપ્રભ કરી દીધા, કારણ કે તેણે સફાઈ આપવી પડી કે તેમાં ત્રીજા પક્ષનો કોઈ હસ્તક્ષેપ નથી. પાકિસ્તાનના સંદર્ભે દાયકાઓથી ભારતની એ જ નીતિ રહી છે કે ત્રીજા પક્ષની દખલ માટે કોઈ સ્થાન નથી. સામાન્ય નાગરિકો પણ યુદ્ધની દુંદુભિ શાંતિ પડવાથી અવાક રહી ગયા, જે એમ માની ચૂક્યા હતા કે સીમા પાર આતંકવાદને આ વખતે એવો પાઠ ભણાવવામાં આવશે કે તે ફરીથી માથું ઊંચકવાનું દુ:સાહસ ન કરે. જનતા દીર્ઘકાલીન સમાધાનની આશા રાખતી હતી. સ્પષ્ટ છે કે સરકાર ધારણાના મોરચે કંઇક માત ખાઈ ગઈ. શંકાની પ્રકૃતિ ભારતીયોના ડીએનએમાં સમાયેલી છે અને તેમને તેની ક્યાંય વધારે ચિંતા રહે છે કે બાકી દુનિયા આપણા વિશે શું વિચારે છે. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય છબિને લઈને ભારતીયો ઘણા આગ્રહી છે. તેમાં અંગ્રેજોના સમયનો ભૂતકાળની પણ ભૂમિકા છે. જ્યારે શંકા વિપક્ષી દળો અને તેના ઈકોસિસ્ટમ દ્વારા વધારવામાં આવે છે તો જનતાના મન પર ક્યાંકને ક્યાંક તેનો પડઘો પડે છે. તેને જોતાં સરકારે સાંસદો-વિશેષજ્ઞોના પ્રતિનિધિમંડળ દુનિયાભરમાં મોકલવાનો નિર્ણય લીધો કે જે વૈશ્વિક સ્તર પર ભારતનો પક્ષ રજૂ કરે. તેને સ્પષ્ટ સમજી શકાય છે કે સર્જિકલ સ્ટ્રાઇક-એર સ્ટ્રાઇકની તુલનામાં ઓપરેશન સિંદૂર ઘણી મોટી સૈન્ય કાર્યવાહી હતી. તેમાં ભારતે ના માત્ર પાકિસ્તાનની અંદર સુધી હુમલા કર્યા, બલ્કે બચાવ મામલે પણ અદ્ભૂત દ્દષ્ટાંત સ્થાપ્યું.

જ્યાં સુધી કથિત સંઘર્ષ વિરામ પાછળનો ઘટનાક્રમ સામે નહીં આવે, ત્યાં સુધી કલ્પનાઓના ઘોડા દોડતા રહેશે. એ પણ અટકળોના કેન્દ્રમાં રહેશે કે શું ભારતે પાકિસ્તાનના પરમાણુ જથ્થાને કોઈ નુક્સાન પહોંચાડ્યું કે તેની આસપાસ કોઈ હુમલો કર્યો? જે પણ હોય, તેની અવગણના ન કરી શકાય કે ઓપરેશન સિંદૂર દરમ્યાન ભારત વૈશ્વિક જનમતને અપેક્ષિત રૂપે પોતાના પક્ષમાં વાળી ન શક્યું. કોઈ મોટી મહાશક્તિ ભારત સાથે ખુલીને ઊભી ન રહી, જ્યારે પાકિસ્તાન પાછળ ચીન, તુર્કિયે ઉપરાંત અઝરબૈજાનનું સમર્થન સાફ દેખાયું. ટ્રમ્પના એ દાવા કે 'શાંતિ કરાવવા માટે તેમણે વેપારને આધાર બનાવ્યો' પર એટલા માટે વિશ્વાસ ન કરી શકાય, કારણ કે ભારતે ભૂતકાળમાં પણ અમેરિકી પ્રતિબંધોની પરવા નથી કરી, જ્યારે પાકિસ્તાન પાસે એવું કશું જ નથી કે તે વેપારની ચિંતા કરે! પાકિસ્તાન માટે આઈએમએફમાંથી લોન મજૂંર થઈ જવી પણ એ જ સંકેત કરે છે કે પશ્ચિમની હમદર્દી કોની સાથે રહી.

પાકિસ્તાન સહિત અમેરિકા, ચીન ઉપરાંત અન્ય દેશ એનાથી વાકેફ જ હશે કે ભારતે કેવી લશ્કરી ક્ષમતાઓ હાંસલ કરી લીધી છે, પરંતુ તેમણે એ નહીં વિચાર્યું હોય કે તે તેના ઉપયોગમાં પણ કેટલું સક્ષમ છે. જો પાકિસ્તાન સાથે તનાતની થોડા વધુ દિવસો ખેંચાઈ હોત તો ભારતની શક્તિ અને શ્રેષ્ઠતા સ્થાપિત થઈ ગઈ હોત, જેનાથી ક્ષેત્રીય ભૂ-રાજકીય સમીકરણો બદલાઈ જતાં. સ્વાભાવિક છે કે કેટલીક મહાશક્તિઓને આ ગમ્યું ન હોત. અહીં અસલ મુદ્દો એક આર્થિક શક્તિ રૂપે ભારતના ઉભાર સાથે જોડાયેલો છે. તેની સાથે જો તે સૈન્ય રૂપે સશક્ત થઈને ઉભરી આવે તો તેને રોકવું સંભવ નહીં હોય. વિકસિત દેશો હજુ પણ એ સત્યને સ્વીકારવા તૈયાર નથી. જોવાનું છે કે મોદી આ સૌથી મોટા પડકારને કેવી રીતે પહોંચી વળે છે. સંભવ છે કે વિકસિત ભારતના દૂરગામી લ-યની પૂર્તિ માટે જ તેમણે તાત્કાલિક રૂપે સંઘર્ષ વિરામના વિકલ્પને પસંદ કર્યો હોય. તેમણે વીરતા પર વિવેકને પ્રાથમિકતા આપી. આખરે મોટું યુદ્ધ જીતવા માટે કેટલીક નાની લડાઈઓને અવગણવી પડે છે.

# કેન્સર સામે ઝઝૂમનારી હિના ખાને રોકી સાથે લગ્ન કર્યા

## ૧૧ વર્ષથી હિના-રોકી રિલેશનશિપમાં હતાં, સિરિયલના સેટ પર પહેલી મુલાકાત થઈ હતી





એક્ટ્રેસ હિના ખાને લાંબા સમયથી બોયફ્રેન્ડ રહેલા રોકી જયસ્વાલ સાથે સાદગીથી લગ્ન કરી લીધા છે. હિના ખાન અત્યારે ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. હિનાએ આ બીમારીને માત આપવાના બુલંદ ઈરાદા સાથે નવા જીવનની શરૂઆત કરી છે. લગ્ન પ્રસંગે નિકટના મિત્રો-પરિવારજનો જ હાજર રહ્યા હતા. બાદમાં તેમણે રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા.

નવા જીવનની શરૂઆત અંગે નવદંપતિએ સોશિયલ મીડિયા પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે અલગ-અલગ દુનિયામાંથી આવેલા અમે લોકોએ પ્રેમનું વિશ્વબનાવ્યું છે. અમારા વચ્ચેની ભિન્નતા ભૂંસાઈ ગઈ છે અ મન મળી ગયા છે. આજે હંમેશા માટે અમારા મેળાપને પ્રેમ અને કાયદાની સ્વિકૃતિ મળી છે. આખરે તેમણે પતિ-પત્ની તરીકે શુભકામનાઓ માગી હતી. હિના ખાનના પતિ રોકી જયસ્વાલનું પૂરું નામ જયંત જયસ્વાલ છે. કોલકાતાના વેપારી પરિવારમાં રોકીનો જન્મ થયો હતો. કરિયરની શરૂઆતમાં ઈવેન્ટ મેનેજમેન્ટ અને બાદમાં એડમેકર તરીકે કામ કરનારો રોકી બાદમાં મુંબઈ શિફ્ટ થયો હતો અને ટીવી સિરિયલોમાં હાથ અજમાવ્યો હતો. ‘સસુરાલ સિમર કા’, ‘સાથ નિભાના સાથિયા’, ‘કુછ તો લોગ કહેંગે’ જેવી સિરિયલમાં રોકીએ સુપરવાઝિંગ પ્રોડ્યુસર તરીકે કામ કર્યું છે. રોકીએ સિરિયલની સાથે ફિલ્મોમાં પણ કામ કરેલું છે. રોકી અને હિનાની પહેલી મુલાકાત ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ના સેટ પર થઈ હતી.

હિના અને રોકી છેલ્લા ૧૧ વર્ષથી રિલેશનશિપમાં છે. હિનાની કેન્સરની તકલીફ દરમિયાન પણ રોકી અડીખમ તેની સાથે રહ્યો હતો. હિના અત્યારે જીવનના નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે ત્યારે રોકીનો સપોર્ટ તેના માટે ખૂબ મહત્ત્વનો છે.

# માફી નહીં માગુ, કર્ણાટકમાં ફિલ્મ રિલીઝ નહીં કરું : કમલ હસન




કમલ હસને મંગળવારે બેંગ્લોરની કર્ણાટકા હાઈ કોર્ટમાં કહ્યું કે તેઓ પોતાની આવનારી ફિલ્મ ‘ઠગ લાઈફ’ હાલ પુરતી કર્ણાટકમાં રિલીઝ કરશે નહીં. ખરેખર તો તેમણે થોડાં દિવસો પહેલાં કન્નડા ભાષા અંગે એક નિવેદન આપ્યું હતું. તેના કારણે એક નવો વિવાદ શરૂ થયો છે. તેમના આ નિવેદનને લઈને કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, જેમાં કમલ હસને કોર્ટ સમક્ષ માફી માગવાથી પણ ઈનકાર કરી દીધો છે.કમલ હસને કહ્યું હતું, “કન્નડા ભાષાનો જન્મ તમિલ ભાષામાંથી થયો હતો” હાઈકોર્ટે પણ તેમના આ નિવેદનને સખત રીતે વખોડી કાઢ્યું હતું અને નોંધ્યું હતું કે તે ભલે એક મોટા સ્ટાર હોય પરંતુ તેમને કર્ણાટકના લોકોની લાગણીઓને દુભાવવાનો કોઈ અધિકાર નથી. કોર્ટને જણાયું હતું કે માત્ર એક સાદી માફી આ મુદ્દાને હળવો કરી શકે છે.કમલ હસનના વકીલ ધ્યાન ચિનપ્પાએ જસ્ટીસ એમ.નાગપ્રસન્નાની બેંચને જાણ કરી હતી કે જ્યાં સુધી તેમના અસીલ કમલ હસન અને તેમની પ્રોડક્શન કંપની રાજકમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ કર્ણાટકા ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ સાથે વાતચીત ન કરે ત્યાં સુધી તેઓ કર્ણાટકમાં તેમની ફિલમની રિલીઝ મુલતવી રાખશે, તેથી ફિલ્મના સ્ક્રીનિંગ પર રાજ્યમાં પ્રતિબંધ મુકીને તેમની માફીની માગણી કરવામાં આવી હતી.આ મુદ્દે વકીલ ચિનપ્પાની દલીલ હતી કે તેમણે કમલ હસન દ્વારા લેખિતમાં અપાયેલું નિવેદન કેએફસીસી સમક્ષ રજૂ કર્યું હતું, જેમાં તેમણે કન્નડા ભાષા અને તેનાં લોકો પ્રત્યે પોતાના પ્રેમ અને સન્માનની વાત કરી હતી, જે આ વિવાદ માટે તેમનો યોગ્ય પ્રતિસાદ હતો. હવે આ મુદ્દે કમલ હસનને કોઈ ચોક્કસ રીતે માફી માગવાની ફરજ પાડી શકાય નહીં.ચિનપ્પાએ કહ્યું, “જો તમારો દુર્ભાવ હોય તો તમારે માફી માગવાની જરૂર પડે, જેવું આ કેસમાં નથી.” તેમણે એમ પણ કહ્યું હતું કે ચેન્નઈમાં ‘ઠગ લાઈફ’ના મ્યુઝિક લોંચ વખતે ૨૪મેના દિવસે કમલ હસન દ્વારા કરાયેલાં આ વિવાદીત નિવેદનમાં કન્નડાને નીચી બતાવવાનો કે તેને બોલતાં લોકોને નીચા બતાવવાનો કોઈ ભાવ નહોતો અને આ વાત સારા ભાવથી અને શુભચિંતક ભાવથી જ કહેવાઈ હતી.આગળ વકીલે જણાવ્યું કે તેમણે ભાષા અને રાજ્ય પ્રત્યે લગાવ અને માન સિવાય કશું જ વ્યક્ત કર્યું નથી.જોકે, વકીલની દલીલોથી કોર્ટને અસંતોષ થયો હતો અને જસ્ટિસ નાગપ્રસન્નાએ શેક્સ્પીઅરનું એક જાણીતું વાક્ય ટાંકીને કહ્યું હતું, “વિવેક એ બહાદુરીનો જ એક સારો ભાગ છે”, આમ તેમણે કમલ હસનને માનવતા દાખવવા સૂચન કર્યું હતું.જજે કહ્યું, “તમે કોઈ સામાન્ય માણસ નથી. તમે એક જાણીતી વ્યક્તિ છો. તમે પરિસ્થિતિઓનું નિર્માણ કરો છો, તમે અજંપાભરી પરિસ્થિતિ બનાવો છો અને પછી હવે તેમને રાજ્યના વહીવટીતંત્ર તરફથી સુરક્ષા જોઈએ છે. એક સાદી માફીથી આ સમગ્ર સ્થિતિનું નિરાકરણ આવી ગયું હોત.”જજ દ્વારા કમલ હસનના નિવેદનનો વીડિયો જોવામાં આવ્યો હતો અને તેમણે પૂછ્યું હતું કે જ્યારે તો જાણે છે કે તેમના નિવેદનથી સામાન્ય જનતાને હીનતા અનુભવાઈ છે,તમારા કારણે સમગ્ર રાજ્યના લોકોની લાગણી દુભાઈ છે, તો તેમને એક માફી માગવામાં આટલો ખચકાટ કેમ થાય છે. “તમે કમલ હસન હોય કે કોઈ પણ, તમે જનતાની લાગણી દુભાવી શકો નહીં. એક દેશ જ્યાં ભાષા લાગણીશીલ મુદ્દો છે, ત્યાં એક જાણીતી વ્યક્તિ તરીકે તમે આવા ગમે તેવા નિવેદનો ન કરી શકો. તમે જે કહ્યું એના કારણે, આજે અજંપો અને અસમાનતાની સ્થિતિ છે.”સાથે જ કોર્ટને કમલ હસને કેએફસીસી સમક્ષ રજૂ કરેલા કમલ હસનના નિવેદનનો ભાવ પણ પસંદ પડ્યો નહોતો. તેમણે આ નિવેદનને એક સ્પષ્ટતા જાહેર કરી દીધી હોય એવું લાગ્યું હતું. આ સંદર્ભે જજે કહ્યું, “દેશના છેલ્લા ગવર્નર જનરલ સી રાજાગોપાલાચારીએ ૧૯૫૦માં કહ્યું હતું કે કન્નડાનો જન્મ તમિલમાંથી થયો છે, પરંતુ પાછળથી તેમને જ્યારે કન્નડા લેખકો દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે તેમણે માફી પણ માગી હતી.”

હસનના નિવેદન અંગે જસ્ટિસ નાગપ્રસન્નાએ કહ્યું, “આ કોઈ માફી નથી. એક લાઈન એવું નથી જે કહેતી હોય, “મેં કોઈની લાગણી દુભાવી હોય તો હું માફી માગું છું, રાજગોપાલાચારીએ પણ ૭૫ વર્ષ પહેલાં આવું નિવેદન કર્યું હતું, પરંતુ પછી માફી પણ માગી હતી.”

કમલ હસનના આ નિવેદનથી વિરોધ પણ થઈ રહ્યો છે અને કર્ણાટકના કન્ડા અને કલ્ટર મિનિસ્ટર શિવરાજ તંગદાગીએ ૨૯ તારીખે કેએફસીસીને લખ્યું છે કે, હસનની લોકપ્રિયતા છતાં કર્ણાટકના લોકો તેમની જમીન, પાણી અને ભાષા પર કોઈ ટીપ્પણી સહન કરશે નહીં. તેથી કમલ હસનની દરેક ફિલ્મ પર કર્ણાટકનાં પ્રતિબંધ લાગવો જોઈએ. કર્ણાટકના ઉપમુખ્યમંત્રી શિવકુમારે પણ કહ્યું હતું કે જો કમલ હસને ભુલ કરી હોય તો તેમણે માફી માગી લેવી જોઈએ.



# બોક્સ ઓફિસ પર પ્રભાસની ‘રાજા સાબ’ અને શાહિદ કપૂરના ‘અર્જૂન ઉસ્ત્રા’ની ટક્કર થશે

પ્રભાસની ‘રાજાસાબ’ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે ત્યારે હવે તેની અને વિશાલ ભારદ્વાજ તેમજ શાહિદ કપૂરની ફિલ્મ વચ્ચે ૫ ડિસેમ્બરે બોક્સ ઓફિસ પર ટક્કર થશે. આ બંને ફિલ્મ અલગ પ્રકારની છે, તેમજ બોક્સ ઓફિસ પર દર્શકોને બંને ફિલ્મ દર્શકોને અલગ

અનુભવ પૂરો પાડશે.


મારુતિએ ડિરેક્ટ કરેલી ‘રાજા સાબ’ એક હોરર કમેડી ફિલ્મ છે, જેમાં પ્રભાસ એક ક્યારેય ન જોયો હોય એવા અવતારમાં જોવા મળશે. આ પહેલાં પણ પ્રભાસ ‘સાલાર’, ‘કલકી ૨૮૯૮ એડી’ જેવી સફળ ફિલ્મમાંઅલગ અલગ અવતારમાં જોવા મળ્યો છે. તેના લાર્જર ધેન લાઈફ પાત્રો અને તેના લાખો-કરોડો ફૅન્સના કારણે તેને ડિરેક્ટર્સ મોટી ફિલ્મને પોતાના ખભ્ભા પર ઉપાડી લેવા સક્ષમ માને છે. તેના માટે આ હોરર કોમેડી ફિલ્મનો જોનર નવો છે, જો આ ફિલ્મ સારી બની તો આ ફિલ્મ પણ તેના માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

આજકાલ હોરર કોમેડી ફિલ્મ ઘણી ચાલે છે, ખાસ કરીને હિન્દી બોલતા પ્રદેશોમાં, ‘સ્ત્રી ૨’ અને ‘મૂંજ્યા’ જેવી ફિલ્મ ઘણી ચાલી છે. આ જેનર સાથે પ્રભાસનો સ્ટાર પાવર પણ મળી જશે તો બની શકે કે આ ફિલ્મ સમગ્ર દેશમાં ઘણું મોટું ઓપનિંગ મેળવી શકે. જોકે, હવે દર્શકો ટીઝર કે ટ્રેલર જોઈને જ નક્કી કરતા હોય છે, તેમણે ફિલ્મ જોવી કે નહીં. તો હવે પછીનો આધાર ફિલ્મના ટીઝર અને ટ્રેલર પર હશે. સાથે જ જો સારું પ્રમોશન કરવામાં આવે તો પણ ફિલ્મ મોટી કમાણી કરી શકશે.

જ્યારે બીજી તરફ જો શાહિદ કપૂર અને વિશાલ ભારદ્વાજની ફિલ્મની વાત કરવામાં આવે તો તેઓ આ વખતે એક એક્શન ફિલ્મ માટેસાથે આવી રહ્યા છે. આ પહેલાં તો બંને ઘણી લોકપ્રિય અને મજબુત ફિલ્મ આપી ચૂક્યા છે, તેમાં ‘કમિને’ અને ‘હૈદર’ સહીતની ફિલ્મનો સમાવેશ થાય છે. તેમની ફિલ્મ મજબુત અભિનય સાથે અસરકારક વાર્તા માટે જાણીતી છે, જેનો અલગ પ્રસંશક વર્ગ છે. આ ફિલ્મ હાલ તો ‘અર્જૂન ઉસ્ત્રા’નામ આપ્યું છે, પરંતુ હજુ આ નામ નક્કી નથી. સાથે જ આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને લેવાતા તે ફિલ્મની ચર્ચા આમ પણ વધી ગઈ છે.

વિશાલ ભારદ્વાજની ફિલ્મ ડિરેક્શનની સ્ટાઈલ ઘણી અલગ છે, તેમના ડિરેક્શનમાં શાહિદની એક્ટિંગ પણ અદ્દભુત રીતે ઉભરી આવે છે. તે ઉપરાંત સામાન્ય લોકોને એક્શન ફિલ્મ જોવામાં વધુ રસ પડતો હોય છે. આ પહેલાં પણ રિતીકની ‘બેંગ બેંગ’ સામે ‘હૈદર’ રિલીઝ કરીને તેઓ ટક્કર લઈ ચૂક્યા છે અને છતાં તેમની ફિલ્મ ઘણી સારી ચાલી હતી. ત્યારે હવે આ ટક્કર કેટલી અસરકારક રહે છે અને કોણ કોના પર ભારે પડે છે, તે જોવાનું રસપ્રદ રહેશે. આ ઉપરાંત પ્રભાસ ‘સ્પિરિટ’માં અને શાહિદ ‘ફર્ઝી ૨’માં પણ જોવા મળશે.

# ભ્રમ : ગુજરાતી સિનેમાની એક મોટી ગેમચેન્જર થ્રિલર ફિલ્મ



ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સામાન્ય રીતે કોમેડી, ડ્રામા અને ફેમિલી ઓરિએન્ટેડ ફિલ્મો વધુ બને છે અને થ્રિલર ફિલ્મો ઘણી ઓછી બની છે. પરંતુ તાજેતરમાં જ રિલીઝ થયેલ ફિલ્મ "ભ્રમ" એ આ પરંપરાને તોડીને એક અનોખી મિસાલ આપી છે. ૨૩મી મેના રોજ રિલીઝ થયેલ આ મર્ડર મિસ્ટ્રી દર્શાવતી સાઈકોલોજિકલ અને સસ્પેન્સ થ્રિલર ફિલ્મ અત્યારે દર્શકોની પસંદગીની ગુજરાતી થ્રિલર ફિલ્મ બની ગઈ છે. "ભ્રમ" એ ગુજરાતી સિનેમામાં એક નવા અધ્યાયની શરૂઆત કરી છે. આ ફિલ્મ અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ગુજરાતી થ્રિલર ફિલ્મ બની છે, જે ઈન્ડસ્ટ્રી માટે એક ગર્વની વાત ગર્વની વાત કહેવાય. "હું ઈકબાલ" ફિલ્મના મેકર્સદ્વારા "ભ્રમ" ફિલ્મ રજૂ કરવામાં આવી છે, જે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડાયરેક્ટર પલ્લવ પરીખ દ્વારા નિર્દેશિત તથા લેખિત છે. આ સાઈકોલોજિકલ થ્રિલર ફિલ્મની સ્ટારકાસ્ટ મિત્ર ગઢવી, સોનાલી લેલે દેસાઈ, અભિનય બેંકર અને નિશ્મા સોની છે.અન્ય એક ગર્વની વાત એ છે કે ખાસ ડિમાન્ડ પર આ ફિલ્મ ઓસ્ટ્રેલિયામાં પણ રિલીઝ થઈ રહી છે. વિદેશમાં વસતાં ગુજરાતીઓ પણ આ થ્રિલર ફિલ્મનો આનંદ માણી શકશે.અદ્ભૂત સ્ટોરીટેલિંગ, પાવરફુલ એક્ટિંગ અને એન્ગેજીંગ પ્લોટ સાથે ભ્રમ એ માત્ર દર્શકોને મંત્રમુગ્ધ જ કર્યા નથી, પરંતુ બોક્સ ઓફિસના રેકોર્ડ્સ તોડીને ગુજરાતી સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનાર થ્રિલર ફિલ્મ બની છે. આ સિદ્ધિ ભારતીય પ્રાદેશિક સિનેમાના વિકાસ અને સર્જનાત્મક ક્ષમતાને ઉજાગર કરે છે.ગુજરાતી ફિલ્મોમાં ભાગ્યે જ જોવા મળતી આ પ્રકારની સસ્પેન્સ થ્રિલર ફિલ્મને દર્શકોએ પૂરા દિલથી આવકારી છે. આ ફિલ્મે તેની સફળતાથી ગુજરાતી ફિલ્મ નિર્માણમાં વધુ વૈવિધ્યસભર અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટેનો માર્ગ મોકળો કરે છે.ફિલ્મમાં માયા (સોનાલી લેલે દેસાઈ), ૪૨ વર્ષની એક મહિલા, ડિમેન્શિયા નામની બીમારીથી પીડાય છે, જેના કારણે તેને ભૂતકાળની ઘટનાઓ યાદ રહેતી નથી. પણ જ્યારે તે પોતાની જ દીકરી શ્રદ્ધા (નિશ્મા સોની) ની હત્યાની સાક્ષી બને છે, ત્યારે તેનું જીવન ઉથલપાથલ થઈ જાય છે. ફિલ્મમાં મિત્ર ગઢવી માયાના કેરટેકર મેહુલની ભૂમિકામાં છે અને અભિનય બેંકર પોલીસમેનની ભૂમિકામાં જોવા મળશે કે જેઓ આ મર્ડર મિસ્ટ્રી ઈન્વેસ્ટિગેશન કરી રહ્યાં છે.

## રાધિકાને પણ લાગ્યું કે, નવી માતા માટે બોલિવૂડનો અભિગમ સહકારપૂર્ણ નથી

# “મને ખબર નથી કે હું આગળ કઈ રીતે વધીશ”



એક તરફ દીપિકા પાદુકોણ અને સંદીપ રેડ્ડી વાંગા વચ્ચેનો વિવાદ ચર્ચામાં છે, દીપિકાએ માતા બન્યા પછી માત્ર આઠ કલાક કામ કરવાની અને વધારાના કલાક કામ કરવા પર વધારાના વળતરની માગ કરતા તેને ફિલ્મમાંથી હાંકી કાઢી હોવાની ચર્ચા છે. તેમાં અજય દેવગને પણ એવું કહ્યું હતું કે ઘણા ઈમાનદાર ફિલ્મ મેકર્સ નવી માતાઓની તકલીફો સમજે છે. ત્યારે દીપિકાની જેમ નવી માતા માટે ઈન્ડસ્ટ્રીને યોગ્ય ન માનતી એક્ટ્રેસની યાદીમાં રાધિકા આપ્ટેનું નામ પણ જોડાયું છે.

રાધિકા આપ્ટે ગયા વર્ષે પોતાની બ્રિટિશ ફિલ્મ ‘સિસ્ટર મિડનાઈટ’માટે પહોંચી બાફ્ટા એવોર્ડના રેડ કાર્પેટ પર પહોંચી ત્યારે તેની પ્રેગનેન્સી અંગે લોકોને જાણ થઈ હતી. કરણ કંધારીની આ બ્લૅક કોમેડી ફિલ્મ, એર બ્રિટીશ રાઈટર, ડિરેક્ટર કે પ્રોડ્યુસરનાં આઉટસ્ટેન્ડિંગ ડેબ્યુ કૅટેગરીમાં નોમિનેટ થઈ હતી. ગયા વર્ષે રાધિકાની આ ફિલ્મનું કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ સ્ક્રીનિંગ થયું હતું, તેમજ પછીથી તે યૂકે અને યૂએસમાં રિલીઝ પણ થઈ હતી.

આ અઠવાડિયે ‘સિસ્ટર મિડનાઈટ’ હવે ભારતમાં રિલીઝ થવા જઈ રહી છે, ત્યારે રાધિકાની દિકરી હવે છ મહિનાની થઈ ગઈ છે. ગયા ડિસેમ્બરમાં તેના જન્મનાં એક અઠવાડિયાં પછી રાધિકાએ એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેમાં તે એક ઓનલાઉઈન મીટિંગમાં હાજરી આપવાની સાથે દિકરીને સ્તનપાન કરાવતી દેખાતી હતી. ખરેખર તો તે પોતાની પ્રેગનન્સી દરમિયાન પણ સતત વ્યસ્ત રહી હતી અને તેની ડિલિવરીના એક અઠવાડિયા પહેલાં જ તેણે પોતાની સ્ક્રિપ્ટ મોકલી હતી.

આમ તેણે માત્ર એક અઠવાડિયા માટે જ મેટરનિટી લીવ રજાઓ લીધી હતી. હાલ લંડનમાં તે પોતાની દિકરીનો ઉછેર કરી રહી છે, ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે બોલિવૂડનો અભિગમ નવી માતાઓ માટે સહકારપૂર્ણ નથી. આવું અનુભવતી રાધિકા એક ઈન્ટરવ્યુમાં કહ્યું, “મને નથી લાગતું એ લોકો સહાકાર આપે છે. મને ખબર નથી કે આગળ હું કઈ રીતે કામ કરીશ.”

રાધિકાને કામ અને માતૃત્વ વચ્ચે સંતલન જાળવવામાં કેમ મુશ્કેલી પડે છે, તે અંગે રાધિકાએ કહ્યું, “આપણે ત્યાં જેટલાં કલાકો કામ થાય છે, જેટલા કલાક શૂટિંગ થાય છે અને એટલાં કલાક આપણે બાળકને જોઈ પણ ન શકીએ એ સ્થિતિમાં આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવું ખરેખર મુશ્કેલ છે. તેથી મને લાગે છે કે હવે મારે કોઈ રસ્તો કાઢવો પડશે.” સાથે જ રાધિકા લંડન અને ભારત વચ્ચે પણ પોતાનો સમય ફાળવી રહી છે.જોકે, મુંબઈ સાથે રાધિકાનો સંબંધ ઘણો ચડાવ-ઉતારવાળો રહ્યો છે, જોકે હવે તી પાસે મુંબઈમાં એક ઘર છે, તેથી તે આવતી જતી રહે છે. તેણે કહ્યું, “હું પહેલાં મુંબઈ આવી ત્યારે ત્યાં એડજસ્ટ થવું મુશ્કેલ હતું, બીજું મોટું શહેર પણ તમારી સાથે એવું જ કરે છે. પરંતુ હવે મુંબઈ ઘર બની ગયું છે, મારી પાસે હવે પુણે અને લંડન સાથે મુંબઈમાં પણ ઘર છે. મને હવે તેની ઉર્જા, મિત્રો અને પરિવારને કારણે મુંબઈ ગમે છે. છતાં હરિયાળીના કારણે હજુ મને ત્યાં ઓછું ગમે છે, એ તો મારે કહેવું જ પડશે.”

માતા બની તે પહેલાં પણ રાધિકાને તે ઈચ્છે એવા રોલ મળતાં નહોતાં, તેથી તેણે સ્ક્રીન રાઈટિંગમાં ઝંપલાવ્યું, આ અંગે તે કહે છે, “મને ગમે એવો રોલ મળતા નથી તેથી હું હવે એક્ટિંગથી થાકી ગઈ છું. હું એકની એક વસ્તુ કરીને કે બધું કરવા ખાતર કરીને કંટાળી ગઈ છું, તેથી હું હવે બહુ જોઈ વિચારીને કામ કરું છું. મને ગમે તેવા રોલ નહોતા મળતા એટલે મેં એવા રોલ લખવાના શરૂ કર્યા.”

# યાકુબ સોની અને ઉસામા નાલબંધને હાઈકોર્ટે આગોતરા જામીન આપ્યા

## બિલ્ડર ઉમર પીલા અપહરણ કેસમાં આરોપીઓને હાઈકોર્ટની રાહત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૪

રાણીતળાવના બિલ્ડર ઉમર પીલાનુ અપહરણ કરી અલગ-અલગ જગ્યા લઈ જઈ ત્યાં ગોંધી રાખી મારમાર્યા બાદ તેની પાસેથી ફ્લેટો, દુકાન અને પત્નીના ઘરેણા પચાવી પાડવાના ચકચારીત પ્રકરણમાં યાકુબ સોની અને ઉસામા નાલબંધના આગોતરા જામીન હાઈકોર્ટે મંજુર કર્યા હતા. આ કેસમાં સુરત કોર્ટમાં એડવોકેટ ઝફર બેલાવાલા કાનૂની કાર્યવાહી કરી રહ્યા છે.આ કેસની વિગત એવી છે કે, લાલગેટ સ્થિત રાણીતલાવ કાઝી પેલેસમાં રહેતો ઉમર જુબેર પીલાએ આરોપી યાકુબ સોની(સોની સ્ટ્રીટ,રાણીતળાવ) હસ્તક લાજપોર ખાતે આવેલી એક જમીનનો સોદો કર્યો હતો. ઉમર પીલાએ લોકો પાસેથી ઉધાર પૈસા લઈ યાકુબ સોનીને ૭ કરોડ આપ્યા હતા. પરંતુ યાકુબે જમીનનો કબજો અપાવ્યો ન હતો. પીલાએ જે લોકો પાસેથી ઉધારીમાં પૈસા લીધા હતા તે લોકોની ઉઘરાણી શરૂ થઈ ગઈ હતી. જેથી પીલાએ રઉફ બોમ્બેવાલા મારફતે વર્ષ ૨૦૧૯માં આરોપી સોએબ ઈશાક મેવાવાલા પાસેથી દોઢ કરોડ વ્યાજે લીધા હતા. પીલાએ સોએબને થોડા પૈસા ચુકવ્યા હતા. બાકીના પૈસા નહી ચુકવી શકતા સોએબે પઠાણી ઉઘરાણી શરૂ કરી વર્ષ ૨૦૨૨માં માથાભારે મહેતાબ ભૈયાને સાથે રાખી પીલા જે ફ્લેટમાં રહેતો તે ફ્લેટ ખાલી કરાવી કબજો કરી લીધો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૨૩ના એપ્રીલ માસમાં તેને સોએબ,યાકુબ સોની અને ઉસામા નાલબંધ(રહેપીર ખજુરી એપા, શાહપોર) રાણીતળાવ યાકુબ સોનીની ઓફિસમાં લઈ ગયા હતા. ત્યાં આરોપી રઉફ બોમ્બેવાલા અને આરોપી મહેતાબ ભૈયા પણ હતો. ત્યારબાદ તો આ ટોળકીએ પીલા પાસે પઠાણી ઉઘરાણી કરી તેનુ અપહરણ કરીને અલગ-અલગ લઈ જઈ ગોંધી રાખી મારમાર્યો હતો. અને બીજા બે ફ્લેટો, એક દુકાન અને ચેકો,પાસપોર્ટ અને પત્નીના ૨ લાખના દાગીના પણ પડાવી લીધા હતા. આ કેસમાં યાકુબ અને ઉસામાએ હાઈકોર્ટમાં વકીલ શકીલ કુરૈશી, અનીક ટીમ્બલીયા અને ઝફર બેલાવાલા મારફતે આગોતરા જામીન અરજી કરી હતી.

# સીબીઆઈસી ડિપાર્ટમેન્ટમાં સ્પેશ્યલ પીપી તરીકે વકીલ અશ્વિન જોગડિયાની નિમણૂંક

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૪

ભારત સરકારના રેવન્યુ વિભાગની અંદર આવતા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમના કેસોની કાનુની કાર્યવાહીમાં સુરતના વકીલ અશ્વીન જોગડીયાની સ્પેશ્યલ પીપી તરીકે નિમણુંક કરવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ (સીબીઆઈસી) ડિપાર્ટમેન્ટ દ્વારા સુરતના સિનીયર એડવોકેટ અશ્વીન જે.જોગડીયાની સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર્સ તરીકે નિમણુંક કરવામાં આવી છે. કસ્ટમને લગતા કેસો, સેન્ટ્રલ એક્સાઈઝ તેમજ સર્વિસ ટેક્સને લગતી મેટરોમાં એડવોકેટ અશ્વિન જોગડીયા સ્પેશ્યલ પીપી તરીકે જોડાઈને સીબીઆઈસી વતી કાનુની કાર્યવાહીમાં જોડાશે.





**ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર માં વર્ષ ૨૦૨૫ - ૨૬ માટે નવા પદઅધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.જેમાં પ્રમુખ તરીકે સીએમએ કિશોર વાઘેલા, ઉપ-પ્રમુખ તરીકે સીએમએ કેવલ શાહ ,સેક્રેટરી સીએમએ વિપિનકુમાર પટેલ અને ખજાનચી સીએમએ અશ્વિનકુમાર આંબલીયા આ તમામ પદ અધિકારીઓની સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર વર્ષ ૨૦૨૫ - ૨૬ માટે નિમણૂક થઈ છે.**

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# 'પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ'ના સંદેશા સાથે સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા ડ્રાઈવ

## નદી, નાળા અમૃત સરોવર અને તળાવોની આસપાસ સફાઈ દ્વારા જનજાગૃતિ



સુરત, તા.૪

'વિશ્વ પર્યાવરણ દિવસ'ના ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદૂષણનો અંત લાવવા માટે સુરત જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા ડ્રાઈવ યોજાઇ હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલા નદી, નાળા, અમૃત સરોવર અને તળાવોની આસપાસ સફાઇ કરી પ્લાસ્ટિક કચરો દુર કરવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ પ્લાસ્ટિકના રીયુઝ અને રિસાયકલ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ માટે રોજિંદા વપરાશમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા તેમજ પ્લાસ્ટિક કચરાથી ફેલાતા પ્રદૂષણને નાથવા લોક ભાગીદારીથી કામ થાય તે હેતુથી ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જેમાં જિલ્લાના પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસિડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, દ્વર્ઈ/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ યોજાઇ હતી. સાથે જ લોકોને કપડાની થેલી, ગ્લાસની બૉટલ, કટલરી/બામ્બૂ ટુથ બ્રશ, સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો તરફ વળવા અનુરોધ કરાયો હતો.

# ઠગાઈ કેસમાં પિતા-પુત્રીના આગોતરા જામીન મંજૂર કરાયા

## દવાની કંપનીની ભાગીદારીના વિવાદમાં નોંધાયેલા ગુનામાં યુવકના રેગ્યુલર જામીન મંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

મેડીકલની દવાની ભાગીદારીના ધંધામાં થયેલા રૂ.૨.૫૭ કરોડના વિવાદમાં મેડીકલના વ્યવસાય સાથે સંકળાયેલા ઉમરપાડાના પિતા-પુત્ર અને પુત્રીના જામીન આણંદ કોર્ટે મંજુર કર્યા હતા. આરોપીઓ તરફે સુરતના સીનીયર વકીલ વહાબ શેખ અને રહીમ શેખની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

આણંદ જિલ્લાના તારાપુરના કોઠી વાળમાં રહેતા વિજયરાજસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમાએ સુરત જિલ્લાના ઉમરપાડા ખાતે રહેતા પુત્ર અભિષેક આનંદ રાજીવરંજન સિંગ, પુત્રી અંકિતા સિંગ અને અને પિતા રાજીવરંજનકુમાર વાલમીકી સિંગ સામે તારાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી વિજયરાજસિંહે આરોપીઓ સામે તહોમત લગાવી હતી કે ફરિયાદી વિજયરાજસિંહને આરોપીઓએ તેમના સંબંધીની શ્રિષ્ટી બાયોટેક કંપનીમાં ભાગીદારી કરવાનુ કહી તેમની પાસેથી રૂ.૨.૫૭ કરોડ પડાવી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. તારાપુર પોલીસે ફરિયાદ લઈ આરોપી પિતા-પુત્ર અને પુત્રી વિરૂદ્ધ વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં જેલમાં બંધ પુત્ર અભિષેકે રેગ્યુલર જામીન અરજી કરી હતી. જ્યારે પુત્રી અને પિતાએ આગોતરા જામીન અરજી કરી હતી. બચાવ પક્ષના સીનીયર વકીલ વહાબ શેખ અને રહીમ શેખે દલીલો કરી હતી કે આરોપી તથા ફરિયાદી ભાગીદારીમાં કિલેન્સ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ નામની ભાગીદારી કંપનીમાં ભાગીદારો તરીકે ધંધો કરતા આવ્યા છે, આમ જોતા ભાગીદારી કંપનીની તકરાર થયેલી હોવાનું જણાય છે, જે ધંધાકીય, કોમર્શિયલ તકરાર અને ડિસ્પ્યુટ ગણાય, પ્રથમદર્શનીય જ કોઈ ફોજદારી ગુન્હો બનતો નથી, આમ છતાં ફરિયાદીએ પોલીસના મેળાપીપણામાં ખોટી એફ.આઈ.આર. કરાવી છે. પોલીસે આરોપીઓ સાથે દુરવ્યવહાર પણ કર્યો છે. આણંદ કોર્ટે સીનીયર વકીલ વહાબ શેખ અને રહીમ શેખની તર્કબદ્ધ દલીલો ધ્યાને લઈ આરોપીઓના જામીન મંજુર કર્યા હતા.

# તમામ ઝોનમાં તમાકુ પ્રોડક્ટ વિરોધી ઝુંબેશ શરૂ કરાઈ

## ૧૬૫ દુકાનદારોને કુલ રૂા.33 હજારનો દંડ કરાયો

સુરત, તા.૫

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળતા.૦૪/૦૬/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અંતગત તા.૦૪/૦૬/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર રાંદેર ઝોનમાં કુલ ઈસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, સેન્ટ્રલ ઝોનમાંકુલ ઈસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, કતારગામ ઝોનમાં કુલ ઈસમો ૨૦ અને કુલરુપિયા ૪૦૦૦ વરાછા–એ ઝોનમાંકુલ ઈસમો ૧૮અને કુલ રુપિયા ૩૬૦૦,વરાછા–બીઝોનમાંકુલ ઈસમો ૨૧ અને કુલ રુપિયા ૪૨૦૦, ઉધના–એ ઝોનમાં કુલ ઈસમો ૨૮ અને કુલ રુપિયા ૫૬૦૦, ઉધના–બી ઝોનમાં કુલ ઈસમો ૧૨અને કુલરુપિયા૨ ૪૦૦, અઠવા ઝોનમાં કુલ ઈસમો ૧૪અને કુલરુપિયા ૨૮૦૦,લિંબાયત ઝોનમાં કુલ ઈસમો ૧૪ અને કુલરુપિયા૨૮૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન મળીનેકુલ ઈસમો ૧૬૫પાસે કુલ ૩૩,૦૦૦ રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

# આજે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પર્યાવરણ દિવસ માટે જાગૃતિ અને કાર્યવાહીને પ્રોત્સાહિત કરવા માટેની એક ઉજવણી વૈશ્વિક સ્તરે તારીખઃ ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે થતી હોય છે! ખેર, આમ પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ અને કાર્યવાહીને પ્રોત્સાહિત કરવા માટેનું સંયુક્ત રાષ્ટ્રનું મુખ્ય સાધન છે. ૧૯૭૩માં સૌપ્રથમ વખત યોજાયેલી આ ઉજવણી દરિયાઈ પ્રદૂષણ, વસ્તી વધારો, ગ્લોબલ વૉર્મિંગ, સાતત્યપૂર્ણ વિકાસ અને વન્યજીવન અપરાધ જેવા પર્યાવરણીય મુદ્દાઓ પર જાગૃતિ લાવવા માટેનું એક મંચ રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ જાહેર જનતા સુધી પહોંચવા માટેનું એક વૈશ્વિક મંચ છે, જેમાં દર વર્ષે ૧૪૩થી વધારે દેશો ભાગ લે છે. દર વર્ષે, આ કાર્યક્રમ દ્વારા વ્યાવસાયિક, બિન-સરકારી સંસ્થાઓ, સમુદાયો, સરકારો અને જાણીતી હસ્તીઓ માટે પર્યાવરણીય કારણોની હિમાયત કરવા માટે એક વિષય અને મંચ પ્રદાન કરવામાં આવે છે.

અલબત, તે અંગેનો ઈતિહાસ એવો છે કે, ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્ટોકહોમ કોન્ફરન્સ ઓન ધ હ્યુમન એન્વાયર્નમેન્ટ (૫-૧૬ જૂન ૧૯૭૨) અનુસંધાને વિશ્વ પર્યાવરણ દિવસની સ્થાપના કરવામાં આવી હતી, જે માનવ ક્રિયાપ્રતિક્રિયાઓ અને પર્યાવરણના એકીકરણ પરની ચર્ચાઓથી પરિણમી હતી. એક વર્ષ બાદ, ૧૯૭૩માં પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસનું આયોજન "ઓન્લી વન અર્થ" વિષય સાથે કરવામાં આવ્યું હતું. વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસનું ગીત કવિ અભય કે દ્વારા લખાયેલું પૃથ્વી ગીત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટે ગવાય છે!આપણું બ્રહ્માંડીય રણદ્વીપ,બ્રહ્માંડીય વાદળી મોતી બ્રહ્માંડનો સૌથી સુંદર ગ્રહ,બધા જ ખંડો અને તમામ મહાસાગરો એક થઈને આપણે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ તરીકે ઊભા છીએ એકજૂથ આપણે એક પૃથ્વીની પ્રજાતિ તરીકે ઉભા છીએ! વિવિધ સંસ્કૃતિઓ, માન્યતાઓ અને રીતો આપણે મનુષ્ય છીએ, પૃથ્વી એ આપણું ઘર છે!વિશ્વના તમામ લોકો અને રાષ્ટ્રો બધા માટે એક અને એક માટે બધા એકજૂથ આપણે વાદળી આરસપહાણનો ધ્વજ લહેરાવીએ છીએ.અંતે, નવી દિલ્હીમાં ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં જૂન ૨૦૧૩માં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતના તત્કાલીન કેન્દ્રીય પ્રધાન કપિલ સિબ્બલ અને શશી થરૂર દ્વારા આ ગીતની શરૂઆત કરવામાં આવી હતી. તેને વૈશ્વિક સંસ્થા હેબિટેટ ફોર હ્યુમનિટી દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો૯૪૨૭૮ ૩૧૨૧૩**

## કાપોદ્રાથી આરોહી વિશ્વકર્મા ગુમ

સુરત, તા.૫

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૦૫/૨૦૨૫ના રોજ ઘર નં-૨૫૦, શેરી નં.૧૨, દશરથનગર સોસાયટી, કાપોદ્રા (મૂળ રહે. ગામ-માંડાખાસ, તા.મેજા, જી.પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ), ખાતે રહેતા રાજેન્દ્રપ્રસાદ વિશ્વકર્માના ૧૯ વર્ષીય આરોહી વિશ્વકર્મા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૩ ફૂટ છે. તેમણે પિંન્ક ટોપ અને જીન્સ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વરાછાથી મીના મકવાણા ગુમ

સુરત, તા.૫

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૦૫/૨૦૨૫ના રોજ ઘર નં-૬, જનતાનગર સોસા., વરાછા (મૂળ રહે. ગામ-મોખડકા, ખીજડીયા, તા.પાલીતાણા, જી.ભાવનગર), ખાતે રહેતા વિપુલભાઈ મકવાણાના ૨૨ વર્ષીય પુત્રી મીના મકવાણા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે મરૂન ડ્રેસ, લેંગીશ અને સફેદ દુપટ્ટો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# માંગરોળ પોલીસે જપ્ત કરેલા વાહનોની હરાજી

સુરત, તા.૫

માંગરોળ પોલીસ સ્ટેશનમાં પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના ગુનાઓમાં જપ્ત વાહનોની જાહેર હરાજી તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે માંગરોળ પોલીસ સ્ટેશન ખાતે યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓ, જાહેર જનતાએ તા.૦૮મીએ સવારે ૧૦.૦૦ વાગ્યે માંગરોળ પો.સ્ટે.માં જરૂરી ફોર્મ ભરી ડિપોઝીટના રૂ.૫૦ હજાર ભરી ફોર્મ સાથે આધારકાર્ડ, પાનકાર્ડ, તથા જી્ નંબરની વિગતો જોડવાની રહેશે. ડિપોઝીટના નાણા રિફન્ડેબલ છે. હરાજીના વાહનોને હરાજીની તારીખ પહેલા માંગરોળ પો.સ્ટે.માં નિહાળી શકાશે. હરાજી કમિટીની શરતો સૌને બંધનકર્તા રહેશે એમ માંગરોળ પી.આઈ. એમ.એચ.સોલંકીની યાદીમાં જણાવાયું છે.

### સુરત
પહેલા પાનાનું ચાલુ

જુલાઈના પ્રથમ સપ્તાહમાં વરસાદનું જોર રહેવાની સંભાવના છે.યુરોપીયન એજન્સીની આગાહી મુજબ ચોમાસું સક્રિય થતા જુલાઈ આવી જાય તો ખરીફ પાકની પેટર્નમાં બદલાવ થવાની ભીતી છે.

### ચીન ક્રિપ્ટો
પહેલા પાનાનું ચાલુ

ચીને ક્રિપ્ટો કરન્સીની માઈનીગ પણ પણ બાન લગાવ્યો છે. ડ્રેગનની દલીલ છે કે ક્રિપ્ટો કરન્સીથી દેશની અર્થ વ્યવસ્થાને ખતરો થઈ શકે છે. આ ઉપરાંત તેનો અપરાધમાં ઉપયોગ થઈ રહ્યો છે.દેશના બધા લોકલ-ઈન્ટર નેશનલ ક્રિપ્ટો એકસચેંજ પર અગાઉથી જ બાન લાગેલો છે.

જાણકારોનું કહેવુ છે કે ચીને ક્રિપ્ટો કરન્સી પર બાન પોતાના સીબીડીસી એટલે કે ડિઝીટલ યુઆનને પ્રમોટ કરવાનાં ભાગરૂપે મુકયો છે.ચીન ઈરાન સહીત એ તમામ દેશો સાથે વ્યાપાર માટે ક્રિપ્ટોનો ઉપયોગ કરતુ હતું. જેમની સાથે ડોલરમાં લેવડ-દેવડ પ્રતિબંધીત છે. ચીન હવે ડીઝીટલ યુઆનને પ્રમોટ કરવા માંગે છે.

### બેંગલુરુ
પહેલા પાનાનું ચાલુ

કુંભ મેળામાં ૫૦-૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જોકે, આનો અર્થ એ નથી કે અમે જવાબદારી બચીએ."કર્ણાટકના ગૃહમંત્રી ડૉ. જી. પરમેશ્વર બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પહોંચ્યા. ગઈકાલે અહીં નાસભાગ થઈ હતી.તેઓ અહીં એક મહત્વપૂર્ણ બેઠક યોજશે. તેમાં બેંગલુરુ પોલીસ કમિશનર, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, ડીસીપી અને કર્ણાટક ક્રિકેટ એસોસિએશન (KSCA)ના અધિકારીઓ હાજરી આપશે. બેઠકમાં નાસભાગની ઘટના પર ચર્ચા કરવામાં આવશે.કર્ણાટક ભાજપ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્રએ બેંગલુરુમાં થયેલી નાસભાદ પર રાજ્ય સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે જો સરકારે યોગ્ય તૈયારી કરી હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત.તેમણે અમદાવાદ મેચનું ઉદાહરણ આપતા કહ્યું કે ત્યાં ૧.૫ લાખ લોકો ભેગા થયા હતા, પરંતુ કોઈ દુર્ઘટના નથી થઈ.

### મધ્યપ્રદેશ
પહેલા પાનાનું ચાલુ

મોસમ શરૂ થઈ ગઈ છે. બુધવારે, ભોપાલ, શાજાપુર, છિંદવાડા, રાજગઢ, સાગર, સતના, ધાર અને દમોહમાં વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ૬ જૂન સુધી ઝરમર વરસાદ ચાલુ રહેવાની ધારણા છે.

રાજસ્થાનમાં પણ બુધવારે ઘણી જગ્યાએ વાવાઝોડા અને વરસાદ પડ્યો હતો અને કરા પડ્યા હતા. જેના કારણે બાડમેર અને જેસલમેર સિવાય તમામ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહ્યું હતું. હવામાન વિભાગે ગુરુવારે રાજયના ૨૨ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે.

ૈસ્ઢએ ગુરુવારે કુલ ૨૫ રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ આપ્યું છે. ઓડિશા અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં હીટવેવની ચેતવણી પણ આપવામાં આવી છે. ૬ જૂન પછી રાજસ્થાનમાં તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થવાની પણ શક્યતા છે.

### દેશનું પ્લાસ્ટિક
પેજ-૨ પાનાનું ચાલુ

વિભાગના કાર્યપાલક ઈજનેર રાકેશ મોદીએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ને અનુસરીને પ્લાસ્ટિકનું રિસાયકલ અને પુનઃ ઉપયોગ કરી રહી છે. જેમાં મનપા PPP ધોરણે જૂલાઈ ૨૦૧૭થી પ્લાસ્ટિક પ્રોસેસ કરવાની કામગીરી કરી રહી છે. મનપા સંચાલિત કુલ આઠ રિફ્યુસ ટ્રાન્સફર સ્ટેશનથી દરરોજ ૨૦૦ ટન પ્લાસ્ટિક છૂટું પાડીને રિસાયકલ કરે છે. પ્લાસ્ટિકની થેલીઓના સંગ્રહ માટે EPR હેઠળ સુરત સુમુલ ડેરી સાથે કરાર કરીને દરરોજની અંદાજિત દોઢ લાખ દૂધની થેલીઓ એકત્ર કરી પ્રોસેસ કરાય છે.

વધુમાં શ્રી મોદીએ કહ્યું કે, પ્લાસ્ટિક નોન ડીગ્રેડેબલ મટીરિયલ હોવાથી હજ્જારો વર્ષ સુધી જેનો નાશ કરી શકાતો નથી, જેનાથી પર્યાવરણ, વાયુ, જળ અને જમીન ખૂબ જ પ્રદૂષિત થાય છે. ભટાર ખાતે પ્લાસ્ટિકના કચરામાંથી દરરોજ ૨૦૦ ટન પ્લાસ્ટિક પ્રોસેસ કરીને પેલેટ્સ (પ્લાસ્ટિકના દાણા) બનાવવામાં આવે છે. જેનો બેન્ચ, ટાઈલ્સ, બ્રિક્સ, ખુરશી તેમજ પ્લાસ્ટિકના રોડ બનાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે, પ્લાસ્ટિક નોન ડીગ્રેડેબલ હોવાથી હજ્જારો વર્ષ સુધી નષ્ટ થતું નથી, એટલે પ્લાસ્ટિકના રોડ બનાવી પર્યાવરણીય પ્રદૂષણને અટકાવવાના પ્રયાસો કરીએ છીએ. નાગરિકો દ્વારા પ્લાસ્ટિકના કચરાને સળગાવવાથી કેમિકલ્સયુક્ત ધુમાડો ઉત્પન્ન થાય છે. જેનાથી વાયુ-જમીન-જળ પ્રદૂષણ ફેલાય છે.

આમ, ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ 'પ્લાસ્ટિકમુક્ત અભિયાન'માં સહભાગી થઈ સુરત અને ગુજરાતને પ્લાસ્ટિકમુક્ત બનાવવા સહભાગી થઈએ.

### વરાછા બેંકની
પેજ-૨ પાનાનું ચાલુ

સાહેબની વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી ઓફ આર્ટસમાં એસોસિએટ ડીન ઓફ ફેકલ્ટી તેમજ ફદ્દજીૅ ના બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્ય તરીકે નિમણૂક પામ્યા તે બદલ વરાછા કો-ઓપ. બેંક પરિવાર તરફથી સાધારણ સભામાં તેઓનું ઉમંગભેર સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષશ્રી દક્ષેશભાઈ માવાણી દ્વારા બેંકને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, સહકારી બેંકોમાં બેસ્ટ ડિજિટલ બેંકનો દરજ્જો ધરાવતી અને સહકારની ભાવનાથી કાર્ય કરતી વરાછા કો-ઓપ. બેંક સમાજના દરેક વર્ગને બેન્કિંગ સેવા પૂરી પાડવા અને સામાજિક ઉત્થાનના ધ્યેય સાથે કાર્ય કરતી સુરતની ખ્યાતનામ બેંક છે, જે ગૌરવવંતી બાબત છે. પ્રધાનમંત્રી વીમા યોજનામાં બેંકે ઉત્કૃષ્ઠ કામગીરી કરી વેસ્ટર્ન ઝોનમાં (ગુજરાત, રાજસ્થાન, ગોવા અને મહારાષ્ટ્ર) માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે વરાછા કો-ઓપ. બેંક હજુ ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### એએમ-એનએસ
પેજ-૨ પાનાનું ચાલુ

જેના ઉપલક્ષ્યમાં AM/NS India દ્વારા બીચ ક્લિનિંગ એક્ટિવિટીનું આયોજન અભિનંદનને પાત્ર છે. સુંવાલી બીચ આસપાસના ગ્રામજનો માટે આજીવિકા રળવાનું સ્થળ અને સહેલાણીઓની દ્રષ્ટિએ મહત્વનું કેન્દ્ર છે, ત્યારે આ કાર્યક્રમ પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતાને લઈને લોક જાગૃતિ ફેલાવવામાં વધુ મદદરૂપ બનશે." સસ્ટેનેબિલિટી વીક દરમિયાન હજીરા ગામમાં બાળકો માટે પ્લાસ્ટિક કચરો ભેગો કરવાનો અભિયાન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ઉપરાંત પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે પોસ્ટર સ્પર્ધા, પર્યાવરણ વિષયક નાટક સ્પર્ધા તથા વિવિધ તાલીમ સત્રોનું પણ આયોજન કરાયું હતું. આ અંગે સંતોષ મુંધાડાએ જણાવ્યું હતું કે, "AM/NS India માટે સસ્ટેનેબિલિટી માત્ર એક લક્ષ્ય નહી, પણ જીવન જીવવાની રીત છે. અમારું દરેક કાર્ય સસ્ટેનેબિલિટીને કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિવસ એ સૌને યાદ અપાવવા માટેની પરિપૂર્ણ તક છે કે પૃથ્વી આપણું એકમાત્ર ઘર છે, અને તેને સંરક્ષણ એ આપણા સૌની સંયુક્ત જવાબદારી છે." આ સપ્તાહ દરમિયાન અન્ય કેટલીક નોંધપાત્ર પ્રવૃત્તિઓમાં "સર્ક્યુલર ઈકોનોમિ" અને "જૈવિવૈવિધ્ય" વિષયક સત્રો, 'વેસ્ટ ટુ વંડર' એક્ઝિબિશન, વૃક્ષારોપણ અભિયાન, પ્લાસ્ટિક જાગૃતિ કાર્યક્રમ તેમજ ઓનલાઈન-ઑફલાઈન ક્વિઝનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### સુરત મનપાના
પેજ-૨ પાનાનું ચાલુ

પામેલ અને તેમને થયેલ ફરજની સોંપણી અંગેની માહીતી લેખિતમાં બે દિવસમાં તમામ નગરસેવકોને પુરી પાડવા તેમજ એક દિવસમાં પાલિકાની વેબસાઈટ પર અપડેટ કરવા સંબંધિત વિભાગોને તાકીદ કરવા મ્યુનિ. કમિશ્નરને જણાવ્યું હતું, આ સાથે ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન થાય નહિ તે મુજબની કાર્યવાહી હાથ ધરવા 'આપ' કોર્પોરેટર કુંદનબેન કોઠીયાએ મ્યુનિ. કમિશ્નરને તાકીદ કરી હતી.

### નિખિલ મદ્રાસી
પેજ-૨ પાનાનું ચાલુ

સમજી શકયા છે અને ચેમ્બરના બંધારણની જેમને રજેરજની માહિતી છે એવા શ્રી નિખિલભાઈએ પોતાના જીવનના ૩૫ વર્ષ ચેમ્બરને સમર્પિત કર્યા છે. નિખિલ મદ્રાસી એ સુરતીઓ માટે ખૂબ જાણીતું નામ છે. ચેમ્બર ઓફ કોમર્સમાં તેમને કોણ નથી ઓળખતું ? પરંતુ ચેમ્બર ઉપરાંત પણ તેઓ ઘણી સંસ્થાઓની સાથે સંકળાયેલા છે અને ઘણી પ્રવૃત્તિઓમાં તેમની મહત્વની ભૂમિકા રહેલી છે. સુરતની સૌથી જૂની શૈક્ષણિક સંસ્થા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની એસ.પી.બી. ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજના વહીવટી સમિતિના અધ્યક્ષ ઉપરાંત સોસાયટીની અન્ય શાળાઓ અને કોલેજોમાં ૧૩થી પણ વધુ કમિટીઓમાં જવાબદારી અને સોસાયટીના મુખપત્ર 'સાર્વજનિકન'ના તેઓ સંપાદક છે અને સાથે સાથે સાર્વજનિક યુનિવર્સિટીમાં પણ તેઓ પોતાનું સક્રિય પ્રદાન આપી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા રોટરીમાં તેઓ વર્તમાનમાં આસી. ગવર્નર, રોટરી ક્લબ ઓફ સુરતના ભૂતપૂર્વ પ્રમુખ અને સમગ્ર ડીસ્ટ્રીકટ ૩૦૬૦ના મુખપત્ર 'ગવર્નર મંથલી લેટર'ના તેઓ સંપાદક છે. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન – જીતો, શ્રી સુરત વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિ, મહાવીર ઈન્ટરનેશનલ – આ તમામ સંસ્થાઓમાં તેમનું સક્રિય યોગદાન રહેલું છે. વ્યવસાયિક ધોરણે તેઓ ટ્રેઈનર, લાઈફ કોચ અને બિઝનેસ કોચ છે. પબ્લિક સ્પીકિંગના માધ્યમ દ્વારા હજારો વિદ્યાર્થીઓ અને તેનાથી વધારે સુરતીઓને અસરકારક વક્તા બનાવવામાં તેમનો સિંહફાળો છે. આપણે સૌ તેમને 'સુરત ચેનલ'ના પર્યાય તરીકે ઓળખીએ છીએ. સમગ્ર દેશની સૌ પ્રથમ સ્થાનિક ચેનલના સંચાલક તરીકે તેમણે સતત ૨૦ વર્ષ સુધી આ શહેર પર એકચક્રી સામ્રાજ્ય ભોગવ્યું હતું. એક સમય હતો જ્યારે આખું શહેર તેઓ જેમ દિશા નિર્દેશ કરતાં તેમ ચાલતું હતું અને એ વાસ્તવિક હકીકત છે.

હાલમાં પણ તેઓ મીડિયા પર્સન તરીકે સક્રિય છે અને નાના માણસની મોટી વાતો તેમજ મોટા માણસની નાની વાતો પ્રસ્તુત કરતા 'પેજ થ્રી' મેગેઝીન અને 'પેજ થ્રી કોફી બુક'ના તેઓ સંપાદક છે.

તેમના ધર્મપત્ની શ્રીમતી અલ્પાબેન પણ વ્યવસાયમાં સક્રિય રહીને જોબ પોર્ટલ અને મેરેજ બ્યુરો ચલાવી રહયા છે. સુરતની અગ્રણી કંપનીઓ – એન.જે. ઈન્ડિયા રિફ્રેશ, કન્સેપ્ટ ઈન્વેસ્ટવેલ અને એપલ સારીઝની ડિસ્ટ્રીબ્યુટરશિપ તેઓ ધરાવે છે.શ્રી નિખિલભાઈના એક માત્ર સુપુત્ર શ્રી મંથન મદ્રાસી બ્રાન્ડીગ એક્ષ્પર્ટ છે. પુત્ર વધુ દેશના ખાનગી પ્રિ–નર્સરી શાળામાં પ્રશિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેમની ૮ વર્ષની પૌત્રી ગાથા રિલાયન્સ ફાઉન્ડેશનમાં ધોરણ ૪માં અભ્યાસ કરે છે. ખૂબ લો–પ્રોફાઈલ વ્યક્તિત્વ ધરાવતા, દિલના અમીર, ખાનદાની ખમીર, માનવીય સંબંધો બાંધવામાં માહિર અને આપણા સૌના જાણીતા અને માનીતા શ્રી નિખિલ મદ્રાસી, હવે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે.

### અશોક જીરાવાલા
પેજ-૨ પાનાનું ચાલુ

પછીથી તેઓ ૨૦૨૦–૨૧થી ચેમ્બરની મેનેજિંગ કમિટીમાં સક્રિયપણે જોડાયા હતા. આ દરમ્યાન તેમણે ગૃપ ચેરમેન તરીકે ફરજ બજાવી હતી. ખાસ કરીને એન્ટી–ડમ્પિંગ, કસ્ટમ્સ ડ્યુટી, જીઆઈડીસી વિકાસ, એમએસએમઈ, અને મોડર્ન વિવિંગ જેવી અગત્યની કમિટીઓમાં તેઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

અશોકભાઈએ નાનાં અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોની સમસ્યાઓનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરીને રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆતો કરી છે. તેઓના પ્રયાસોના પરિણામે અનેક બાબતોમાં નીતિગત સુધારાઓ થયા છે, જેનો લાભ ઉદ્યોગ – ધંધાઓને મળ્યો છે. શ્રી અશોકભાઈ, ફોગવા – ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ તરીકે દક્ષિણ ગુજરાતના ખાસ કરીને સુરતના વિવર્સ તથા કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું મક્કમ નેતૃત્વ કરીને તેઓના વિવિધ પ્રશ્નોનું ઉકેલ લાવામાં સફળ રહ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે તેઓ યુવા ઉત્કર્ષ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન તરીકે અનેક યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે અને તેમના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસશીલ છે. તેમની આગેવાની હેઠળ અસંખ્ય યુવાઓએ વિવિધ શૈક્ષણિક અને વ્યવસાયિક અવસરો પ્રાપ્ત કર્યા છે. શ્રી અશોકભાઈ જીરાવાલાએ સુરત મહાનગરપાલિકામાં વોર્ડ નં. ૩ના નગરસેવક તરીકે લોકહિત માટે અનેક નોંધપાત્ર કામગીરી કરી છે. તેઓએ ઘણીવાર જનહિતના મુદ્દાઓ પર વિવિધ મોરચે સફળ લડતો આપી છે. તેઓ ઓલ ઈન્ડિયા માનવ સેવા સમિતિના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે તેમજ ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળાના કમિટી મેમ્બર તરીકે પણ સેવા આપી રહ્યા છે. શ્રી અશોકભાઈ, લોકદષ્ટિ ચક્ષુબેંકના કમિટી મેમ્બર અને યોગા સ્પોર્ટ્સ એડવેન્ચર એસોસિએશનના ટ્રસ્ટી તરીકે પણ સક્રિય છે. તેમનો વ્યવહારિક અભિગમ અને સ્પષ્ટતા સાથે વાત કરવાનો અંદાજ તેમને સર્વત્ર લોકપ્રિય બનાવે છે. ઉદ્યોગ, રાજકીય, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે સેવા આપનાર તેમજ સ્પષ્ટ વકતા તરીકે જાણીતા શ્રી અશોકભાઈ જીરાવાલા, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૫–૨૬ના ઉપ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૫ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# હોડી બંગલા પાસે જર્જરીત બિલ્ડિંગના આગળનો ગેલેરીનો ભાગ ધરાશાયી

## ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો, એકને ઈજા



**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૫**

હોડી બંગલા આરતી કેસેટની સામે આવેલા મલીક બાબા કોમ્પલેક્ષ નામની જર્જરીત બિલ્ડીંગના બીજા માળની ગેલેરીનો ભાગ પડી જતા એક વ્યક્તિને ઈજા થઈ હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા ફાયર ઓફીસર બલવંત સિંઘ ફાયર જવાનો સાથે સ્થળ ઉપર પહોંચી ગયા હતા. તાત્કાલિક બિલ્ડીંગમાં રહેતા રહીશોને નીચે ઉતારી લઈ આ બાબતે બિલ્ડીંગ ઈન્સ્પેક્ટરને જાણ કરવામાં આવી હતી. સદનસીબે કોઈ મોટી જાનહાનિ આ બનાવમાં થઈ ન હતી.

ફાયર બ્રિગેડ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે ૧૧ થી ૧૨ વાગ્યાની આસપાસ હોડી બંગલા આરતી કેસેટની સામે આવેલા મલીક બાબા કોમ્પલેક્ષના બીજા માળની ગેલેરી તુટી પડી હતી. જેમાં એક વ્યક્તિને ઈજા થઈ હતી. ધડાકાભેર ગેલેરી તુટી પડતા બિલ્ડીંગના રહીશો ફફડી ઉઠ્યા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા.

આ મામલે ફાયર બ્રિગેડને કોલ મળતા ફાયરની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને સમય સુચક્તા સાથે બિલ્ડીંગને ખાલી કરાવી દીધી હતી. બીજા માળની ગેલેરી પડતા એક વ્યક્તિને ઈજા પણ પહોંચી હતી. વધુમાં ફાયર વિભાગ દ્વારા મનપાના બિલ્ડીંગ ઈન્સ્પેક્ટરને આ બાબતે જાણ કરવામાં આવી હતી.



# શાળા સમિતિની બોર્ડ બેઠકમાં ઓપરેશન સિંદૂર માટે આભાર પ્રસ્તાવ મંજૂર કરાયો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૫**

આજે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય સભા મળી હતી. આજે વિપક્ષી સભ્યની ગેરહાજરીમાં ગણતરીના સમયમાં એજન્સી ઉપરના કામો ઉપર ચર્ચા કરી મંજૂર કરી સામાન્ય સબા આટોપી લેવાઈ હતી. આજની સામાન્ય સભામાં શાસકપક્ષ દ્વારા ઓપરેશન સિંદૂરના મુદ્દે આભાર પ્રસ્તાવ લાવીને મંજૂર કરવામાં આવ્યો હતો.

આ અંગે શાળા સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કુમાર કાપડિયાએ જણાવ્યું હતું કે, આજની સામાન્ય સભામાં ઓપરેશન સિંદૂર આભાર પ્રસ્તાવ રજુ કરાયો હતો. ઓપરેશન સિંદૂર વખતે આપણી સેનાએ પરાક્રમ બતાવ્યું છે. તેનાથી દરેક હિન્દુસ્તાનીનું મસ્તક ઊંચુ કરી દીધું છે. ઓપરેશન સિંદૂર કેવલ એક સૈન્ય અભિયાન નથી પરંતુ આપણા સંકલ્પ સાહસ અને બદલતા ભારતની તસ્વીર છે. આજની સભાએ ભારતના સંરક્ષણ ઈતિહાસના નિર્ણાયક અને યાદગાર પ્રકરણમાં ઓપરેશન સિંદૂરની ઐતિહાસિક સફળતા માટે દાખવેલ અસીમ શોર્ય અને પરાક્રમ માટે ભારતીય સેના, શસ્ત્રદળો અને સાહસિક નિર્ણાયક નેતૃત્વ બદલ યશસ્વી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ ખૂબ અબિનંદન પાઠવતો ઠરાવ કરવામાં આવ્યો છે.

## બે શાળાના વિભાજીત અને મર્જ કરવા માટેની બે દરખાસ્ત મંજૂર

# કામરેજના વાવ ગામની ઘટના, માસુમ બાળકીને શોધવા વિવિધ ટીમો સક્રિય

## એક વર્ષિય બાળકને શ્વાન ઊંચકીને ભાગી ગયો હતો : ફોરેસ્ટ, ફાયર વિભાગ અને ડોગ સ્ક્વોર્ડ તપાસમાં જોડાઈ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૫**

કામરેજના વાવ ગામની સીમમાં રહેતા મુળ મધ્યપ્રદેશના પરિવારની ૧ વર્ષિય માસુમ બાળકીને શ્વાન ઉંચકીને ભાગી ગયું હતું. બે દિવસ પહેલા રાત્રિના સમયે બનેલા આ બનાવને ૨૪ કલાકથી વધુ સમય વિતી ગયો છે ત્યારે કામરેજ પોલીસે ડોગ સ્કવોડની મદદ લઈ વાવ ગામની સીમ આસપાસના ખેતરો સહિત દુર-દુર સુધી ખેતરોમાં તપાસ કરી હતી જોકે માસુમ બાળકી મળી આવી ન હતી. કુતરાએ બાળકીને ફાડી ખાધી હોવાની પણ શંકા છે ત્યારે આજે ફોરેસ્ટ વિભાગની ટીમો, ફાયર બ્રિગેડ તેમજ પોલીસ ડોગ સ્કવોડની મદદથી બાળકીને શોધ-ખોળ કરી રહી છે.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ મધ્યપ્રદેશના જાંબુઆના વતની અને હાલ પલસાણા ખાતે બંસરી રિસોર્ટની બાજુમાં આવેલી શરણમ રેસીડેન્સીની સાઈટ ઉપર મજુરી કામ કરતા અંજુભાઈ અડની ૧ વર્ષિય બાળકી માયા ગઈ તા.૩ જુનના રોજ રાત્રિના સમયે તેની માતા ટીટાબેન જમવાનું બનાવતી હતી ત્યાં નજીક જમીન ઉપર સુવડાવી હતી. દરમિયાન માતાની નજર સામે જ એક કુતરુ આવ્યું હતુ અને બાળકીને ખેતર તરફ ઢસડી ગયું હતું.

આ બનાવની જાણ કામરેજ પોલીસને કરવામાં આવતા પોલીસે જાણવોજોગ નોંધ લઈ તાત્કાલિક પી.આઈ. એ.ડી. ચાવડાએ ટીમો બનાવી બાળકીની શોધખોળ શરૂ કરી હતી. આ ઘટનાને આજે બીજો દિવસ થયો છે ત્યારે કામરેજ પોલીસ રાત દિવસ એક કરીને ફોરેસ્ટ વિભાગ, ફાયર વિભાગ તેમજ ડોગ સ્કવોડ સાથે બાળકીને શોધી રહી છે જોકે બાળકીનો કોઈ અત્તો પતો લાગ્યો નથી. એવી પણ શંકા સેવાઈ રહી છે કે બાળકીને કુતરાએ ફાડી ખાધી હોય.

# મેઘરાજાના આવન જાવનથી ગરમીથી લોકો અકળાયા

## આજે સવારનું લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૫**

આ વર્ષે ચોમાસાના વહેલા આગમન થવાનું હોય હવામાન વિભાગે ૯ થી ૧૦ જુનમાં સુરત સહિત દ.ગુજરતમાં વિધીવત ચોમાસુ બેસવાની આગાહી કરી હતી. બીજી તરફ મે મહિનામાં છુટા છવાયા વરસાદ બાદ વિતેલા બે ત્રણ દિવસથી શહેરમાં મહત્તમ તાપમાન ઉંચુ રહેતા ગરમી વધી છે. સવારનું લઘુત્તમ તાપમાન પણ આજે ૨૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાતા સવારથી જ બફારો અને ઉકળાટ રહ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત સમગ્ર દ.ગુજરાતમાં આગામી ૯ થી ૧૦ જુન દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે. વિધીવત ચોમાસુ આગામી ૧૦ જુનથી બેસવાની શક્યતા છે ત્યારે મે મહિનામાં અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રાવાતને પગલે છુટો છવાયો શહેરમાં વરસાદ પડ્યો હતો. કાળઝાળ ગરમીથી થોડી રાહત વચ્ચે મે મહિનો પસાર તો થઈ ગયો છે પરંતુ વિતેલા બે દિવસથી તાપમાનનો પારો ૩૪ ડિગ્રી ઉપર પહોંચી રહ્યો હોય હવામાં ભેજનું પ્રમાણ વધુ રહેવા સાથે ગરમી ફરીથી શહેરીજનોને અકળાવી રહી છે. દરમિયાન આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. જે ગઈકાલ કરતા એક ડિગ્રી વધ્યું છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૩ સેલ્યિસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા રહ્યું હતું.

# આજે શહેરમાં કોરોનાના વધુ સાત કેસ નોંધાયા

## દર્દી સાથે સંપર્કમાં આવનારા લોકોની આરોગ્ય તપાસ શરૂ કરી દેવાઈ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૫**

આજે બપોર સુધીમાં સુરત શહેરમાં કોરોનાના વધુ સાત કેસ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. સુરત શહેરમાં દિનપ્રતિદિન કોરોનાના કેસોમાં વધારો નોંધાતા જાય છે. જો કે હાલના કોરોનાથી ગભરાવાની નહીં પરંતુ સાવચેત રહેવાની જરૂર છે. આજે બપોર સુધીમાં નોંધાયેલા સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે. આ દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જીનોમ સિકવન્સિંગ માટે ગાંધીનગર ખાતે રવાના કરાશે. હાલ આ દર્દીના સંપર્કમાં આવનારા લોકોની આરોગ્ય તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાના સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસોમાં ઉછાળો આવતા આરોગ્ય વિભાગ દ્વારા સતત બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે અને આરોગ્ય ટીમો દ્વારા જે તે હોસ્પિટલો અને ક્લિનીકો ખાતે તપાસ કરી કોરોનાના દરદી સંદર્ભે વધુ સચોટ માહિતી મેળવવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે.











